॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની
**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર
**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.9428222357
**મુદ્રણ :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫
**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં,
ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩
અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com
વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'
ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે.
આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.
છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**
'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.
'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.
આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**
'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા
પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

## ॥ ધૂળથી શીખજો, ધજાથી બચજો ॥

એકવાર હવામાં લહેરાતી ધજા અને સીડીઓ પર જામેલી ધૂળ વચ્ચે ચર્ચા થઈ. ધજા કહી રહી હતી કે; 'હું સદા મુસીબતમાં હોઉં છું. હવાના સપાટા, ગરમ લૂ, વર્ષાનાં ઝાપટાં, તોફાન-આંધિ ને કંઈ કેટલાંયે વાવાઝોડાં ! યુદ્ધના મેદાનમાં ય સદા આગળ ! એક તું છે. તું સદા અહીં વિશ્રામ કરે છે. ન તડકો, ન છાયો, ન હવા ન આંધિ. તારી શાંતિનું રહસ્ય શું છે ?' તો ધૂળે ધજાને કહ્યું; 'કંઈ નહિ' થઈ જવું, નહિવત્ થઈ જવું. એ મારી તરકીબ છે. હું ચરણોની ધૂળ છું, તું મસ્તક પર હોવાના ખ્યાલમાં મુસ્તાક છે. તારી અક્કડતા તને સદા તનાવમાં જ રાખશે. જે કંઈ નથી, કશું નથી એ જ વિશ્રામ મેળવી શકે. જ્ઞાનીઓ કહે છે; 'ધૂળથી શીખજો, ધજાથી બચજો.' ધજાથી બચાય કેવી રીતે ? આપણા અહંકારની ધજા તો આગળ ને આગળ ચાલે છે. આપણે અહંકારથી ભરેલા હોઈશું તો દુનિયા શીખવશે વિનમ્ર થઈ જાઓ. વિનમ્રતામાં જ પૂર્ણ વિરામ છે. આકાંક્ષાનો અભાવ એ જ વિનમ્રતા છે.

**–સંકલન**

**(ઈસપની વાર્તા)**

॥ ॐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ॐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

## આ અંકનું માહાત્મ્ય

॥ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૨મી જન્મજયંતી ॥

(તા.૨ ઑક્ટોબર, ૨૦૨૦)

॥ પરમ પૂજ્ય માતાજી જ્યોતિર્મયીની ૪૧મી પુણ્યતિથિ ॥

(તા.૪ ઑક્ટોબર, ૨૦૨૦)

'મહાન આત્માઓના નથી હોતા જન્મ નથી હોતા મૃત્યુ. હોય છે કેવળ જીવન ! એ જીવન પણ એવું કે જેમાં 'શાશ્વતીની સુગંધ' હોય. પછી એ આકાશના સૂરજ સમા આત્મતેજે ઝળહળ મહાત્મા ગાંધીજી હોય કે એક નાનકડા ગૃહના ખૂણાના નાનકડા દીપ શા પ્રકાશિત માતાજી જ્યોતિર્મયી હોય ! અજવાસ પ્રસારવો એ ઉભયનો ધર્મ. પછી સમસ્ત રાષ્ટ્રનું સુકાન સંભાળનારા રાષ્ટ્રપિતા હોય કે અધ્યાત્મવિશ્વને અનુપમ જ્યોતિર્ધર અર્પી કૃતાર્થ થઇ જનાર 'શક્તિરૂપેણ સંસ્થિતા' માતુશ્રી હોય !'



# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| | નિવેદન | | ૫ |
| ૧. | શ્રી યોગેશ્વરકથામૃત | પૂ.શ્રી 'મા' સર્વેશ્વરી | ૭ |
| ૨. | 'ગાંધીગૌરવ' મહાકાવ્યની ગરિમા | ડૉ. અરુણા ઠાકર | ૧૨ |
| ૩. | ગાંધીગરિમાથી ઓપતા પ્રસંગો | સં.શ્રી મહેન્દ્ર મેઘાણી | ૨૫ |
| ૪. | સત્ય એ જ પરમેશ્વર | સંપાદન | ૩૨ |
| ૫. | 'રામચરિતમાનસ'ની રચના | શ્રી યોગેશ્વરજી | ૩૪ |
| ૬. | માતાજી જ્યોતિર્મયી | સંકલન | ૪૪ |
| ૭. | માતૃ અનુષ્ઠાન | શ્રી યોગેશ પંડ્યા | ૪૮ |
| ૮. | 'શત યોગ વંદનમ્' સમારોહ | શ્રી સુકૃતિ જાની | ૫૬ |


## ॥ ન હન્યતે ॥

**'જ્વાળા શકી નવ જરી તમને જલાવી**
**ડૂબી ગયાં પરમ જ્યોતિ મહીં પ્રસન્ના'**

**–શ્રી યોગેશ્વરજી**
('તર્પણ')

❀

॥ જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરિયસી ॥

# નિવેદન

'એક સંન્યાસી મોટો સમારોહ મનાવી રહ્યો હતો. તે પોતાના ગુરુનો જન્મદિવસ ઊજવી રહ્યો હતો. લોકો તેને પૂછે છે કે તમે તો કહેતા હતા કે મારો કોઈ ગુરુ નથી તો પછી જન્મદિવસ કોનો મનાવી રહ્યા છો ? ત્યારે તે કહે છે મને ઉત્તર માટે વિવશ ન કરો. કેમકે તમે નહિ માનો પણ મારે કહેવું પડશે કે હું આજે તે મનુષ્યનું સ્મરણ કરી રહ્યો છું, જે મારા ગુરુ કદી ન હતા. પરંતુ આજે તેમને ધન્યવાદ આપવાનું મન થાય છે. કારણ કે ગુરુ નથી કરતા તે તે માણસ કરી ગયા છે. એટલા માટે ઋણ દ્વિગુણ બની ગયું. જો એ મારા ગુરુ બની જાત તો લેણદેણ થઈ રહેત બંને તરફથી ! કંઈક એ આપત, કંઈક આપણે પણ તેમને આપત. પણ તે ગુરુ પણ ન બન્યા. ને આદર પણ ન માગ્યો, શ્રદ્ધા પણ ન માગી તો ઋણ બેવડું થઈ ગયું ! બિલકુલ એકતરફી થઈ ગયું. તે આપી ગયા, અઢળક આપી ગયા ને આપણે 'ધન્યવાદ' પણ ન આપી શક્યા !'

આ 'ઉપરોક્ત માર્મિક વાર્તા' વાંચતાં જ મહાત્મા ગાંધીજીનું સ્મરણ થાય. જેઓ કોઈના ગુરુ ન બન્યા પણ આખા વિશ્વને અઢળક આપી ગયા એવા 'મનુષ્યત્વના ઊંચામાં ઊંચા શિખર'ને તેઓશ્રીની ૧૫૨મી જન્મજયંતીએ 'ધન્યવાદ' કહેવાનો અવસર 'અધ્યાત્મ' કેમ ચૂકે ?

સાચે જ શ્રી ઉમાશંકર જોષી કહે છે તેમ, 'ગાંધીજીની એક જગદ્‌ગુરુ તરીકેની દેણ છે, એમણે જગત આગળ મૂકેલું જીવન તેમજ જીવન જીવવા માટેનું વ્યાકરણ.'



માણસ સત્યને અનુસરતાં પોતાના જીવનમાં પ્રયોગો કરતો જાય, એ પ્રક્રિયામાં જ માનવબંધુઓની સેવા કરવાની તેને તકો સાંપડે છે. પણ સૌ પ્રત્યે પ્રેમભાવથી, એટલે કે દરેકમાં રહેલા સત્ય પ્રત્યે પૂરા આદરભાવથી એ વર્તતો હોય છે. એ માર્ગે પોતાને સહન કરવાનું ભલે આવે, પણ સત્ય દુભાતું નથી; સર્વનું કલ્યાણ નીપજે છે. આવી વ્યક્તિઓ જગદ્‌ગુરુપદને પામે છે. એમનામાં જીવનભર કોઈ એક સ્થિર તેજરેખા દેખાતી હોય તો તે છે અવિચલ સત્યનિષ્ઠાની, અવિરત સત્યાચરણની.

ગાંધીજી આપણી વચ્ચે મનુષ્યદેહે ધર્મ વિચરતો હોય એ રીતે જીવન જીવી ગયા. છતાં ધર્મ વિશે કોઈ શાસ્ત્ર રચ્યું નથી. ધર્મનો શબ્દો દ્વારા ! પ્રચાર થઈ શકે એ એમનાથી મનાતું નથી. ધર્મશ્રદ્ધા તો જીવનમાંથી મઘમઘવી જોઈએ, એ તો આપોઆપ સ્વપ્રચાર કરતી હોય. તેઓ હિંદુધર્મને કોઈ સાંકડા સંપ્રદાયરૂપે જોતા નથી. 'એના ઉદરમાં સર્વ વિભૂતિઓની પૂજાને સ્થાન છે' એમ કહે છે. સાચા હિંદુ તો જ બની શકાય જો સર્વધર્મસમભાવ બલકે સર્વધર્મમમભાવ કેળવી શકાય.

'જે ધર્મને વ્યવહારમાં ન લાવી શકાય તે ધર્મ નથી. ધર્મ એટલે નીતિ, આત્માની દૃષ્ટિએ પાળેલી નીતિ તે ધર્મ. સત્ય માટે ઝીણી કાળજી ન હોય, હૃદય અપાર કરુણાથી ભીંજાયેલું ન હોય તો-એમાંથી આસુરી ક્રૂરતા પ્રગટવાનો સંભવ છે.' એમ ગાંધીજી સ્પષ્ટ માનતા અને કહેતા.

આવા 'સંપૂર્ણ સત્યનિષ્ઠ મહાત્માને' કોટિ કોટિ વંદન !

## ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

### દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૮૧

### તા. ૫-૨-૮૩, શનિવાર, મહા વદ આઠમ ૨૦૩૯

### ઈસ્ટ લંડન

પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ પૂ.શ્રી શાંત જ રહે અને હસતાં હસતાં એ પ્રસંગને સ્વીકારી લે, પણ ઉત્તમ રીતભાત માટેનો પોતાનો આદર્શ ને આગ્રહ તો વ્યક્ત કરે જ.

સૌની પોતપોતાની ભૂમિકા હોય, એ દૃષ્ટિએ જો આપણે જોઈએ તો આપણને દુઃખ ના લાગે; પણ એમ તો જરૂર થાય કે એમની સમજશક્તિ એટલી જ છે, એમની ભૂમિકા પણ એટલી જ છે, તો એમની પાસેથી અમુક તો અપેક્ષા રાખીએ જ ને!

પૂ.શ્રીની ઉપર પ્રમાણેની માન્યતા છે, જે મને સમજાવે છે.

આજે ડરબનથી અમારી સાથે આવેલા બે ભાઈઓએ શહેરમાં એક આંટો મારવાનું ગોઠવ્યું હતું. તેથી બપોરે એક કલાક ગાડીમાં બેઠાં બેઠાં શહેરને જોઈ લીધું.

આ શહેર દરિયાકિનારે આવેલું છે. ખાસ કશું જોવાલાયક ન જણાયું.

સાંજે છેલ્લું પ્રવચન થયું. પ્રવચન બાદ સામાન્ય શિષ્ટાચારમાં અહીં આભારદર્શન પણ ના થયું.

આજે સાંજે પાંચ વાગ્યે અહીંના રામકૃષ્ણ સૅન્ટરના સ્વામીજી શ્રી માધવાનંદ પૂ.શ્રીને મળવા આવે છે. તેઓ વૃદ્ધ છે. ડચ પ્રજાના તે સંતાન હોવાથી તેમનું શરીર એકદમ ઊજળું છે. સફેદ દાઢી, સ્થૂળ શરીર, ભગવો ઝભ્ભો અને



હાથમાં નાની પીળા રંગની થેલી. સાચે જ ઘણું પ્રભાવશાળી વ્યક્તિત્વ હતું.

પૂ.શ્રીએ મળવા માટે હા પાડી, જેથી તેઓ પૂ.શ્રીના ઓરડામાં આવ્યા. શરીરે સ્થૂળ હોવાં છતાં જેમતેમ કરીને જમીન પર બેસીને તેમણે પૂ.શ્રીને નમ્રતાથી ને પ્રેમથી પ્રણામ કર્યા.

પૂ.શ્રી પલંગ ઉપર બેઠા હતા. સામે એક ખુરશી હતી. સ્વામીજી ત્યાં બેઠા.

સ્વામીજી અંગ્રેજી જ જાણતા હતા તેથી અંગ્રેજીમાં જ વાતો થઈ. શ્રી રામકૃષ્ણદેવની, કામારપુકુરની વગેરે વાતો થઈ. પૂ.શ્રીનો એક પ્રેરક અનુભવ સાંભળીને સ્વામીજીએ પોતાને થયેલા સ્વપ્નદર્શનની અને ધ્યાનદર્શનની વાતો કરી, જેમાં તેમણે મા શારદામણિનું વર્ણન કર્યું.

સ્વામીજીને પૂ.શ્રીને મળ્યાનો ખૂબ આનંદ હતો. સ્વામીજીએ ભારત દેશ જોયો નથી. જોવાની ઈચ્છા છે, પણ સરકાર પરવાનગી આપતી નથી. તેમને શ્રદ્ધા છેઃ હું જરૂરથી ભારત જઈશ.

મુલાકાત પૂરી થતાં જ પૂ.શ્રીએ તેમને શ્રી રામકૃષ્ણદેવની સ્તુતિ ગાઈ સંભળાવી. વળી, શારદામાતાની સ્તુતિની પણ ચાર લીટી ગાઈ સંભળાવી અને અંગ્રેજીમાં તેની સમજ આપી.

સ્વામીજીએ વિદાય લેતાં પહેલાં નીચે ઘૂંટણે પડીને પૂ.શ્રીને નમ્રતાપૂર્વક પ્રણામ કર્યા. પછી, તેમણે કહ્યું કે મારે પ્રવચન સાંભળવું છે પણ તે ગુજરાતીમાં હોય છે એટલે મને તો સમજાશે નહીં. શું કરું?

પૂ.શ્રીએ કહ્યુંઃ તમારે સારું હું આજે અંગ્રેજીમાં

પ્રવચન કરીશ ને પછી ગુજરાતીમાં થોડું બોલીશ. તમે જરૂર આવજો.

વિદાયવેળાએ પૂ.શ્રીએ કંઈક આપણી પાસે હોય તો તેમને આપીએ એવી ઈચ્છા બતાવી, જેથી મેં એક કોથળીમાં બદામો ભરી આપી. પૂ.શ્રીએ સ્વામીજીને 'પ્રસાદ છે' એમ કહીને તે કોથળી આપી. સ્વામીજીએ તે પ્રસાદને ખૂબ ભાવથી કપાળે લગાડી, ફરીથી પ્રણામ કરી વિદાય લીધી.

સાંજે પ્રવચન-સ્થળે પહોંચ્યાં ત્યારે અમે સ્વામીજીને શ્રોતાઓની સાથે જ બેઠેલા જોયા. પૂ.શ્રીએ તરત જ શ્રોતાઓમાંના એકને ખુરશી લાવવા કહ્યું. પૂ.શ્રીએ પોતાની પાસે જ ખુરશી મૂકાવી, ને સ્વામીજીને ઉપર બેસાડ્યા.

પૂ.શ્રીએ પ્રવચનને અંતે ટકોર કરતાં કહ્યુંઃ જે ત્યાગી છે, સંન્યાસી છે તેને માન નથી જોઈતું હોતું. પણ સંસારીઓની ફરજ છે કે પોતે તેમને આસન આપવું જોઈએ. એટલે જ મેં ખુરશી મંગાવીને સ્વામીજીને ખુરશી ઉપર બેસવા કહ્યું છે.

આ શહેરના પ્રથમ દિવસના પ્રવચનમાં પણ મારે માટે ખુરશી મુકાઈ ન હતી. ત્યારે પણ પૂ.શ્રીએ તે મૂકાવીને પ્રવચનમાં આ જ રીતે ટકોર કરી હતી.

જે આદર્શ બાબત છે તેની જો જનતાને જાણ ન હોય તો તેને એ આદર્શ બતાવવાની સંતોની ફરજ છે.

ડરબનમાં પણ એક વાર એવું જ બનેલું. રામકૃષ્ણ સૅન્ટરના સ્વામીજી શિવપાદાનંદ પૂ.શ્રીનું પ્રવચન સાંભળવા ભારત હૉલમાં આવેલા, ત્યારે સંચાલકોએ એમ ગોઠવેલું કે સ્વામીજી તો શ્રોતાઓની સાથે જ બેસશે. પૂ.શ્રીએ ત્યારે પણ



સ્વામીજી શિવપાદાનંદ માટે મંચ ઉપર સોફો મૂકાવેલો અને પ્રવચનમાં એ અંગે ટકોર પણ કરેલી.

જે સાચી ને સારી વાત છે તે પૂ.શ્રી નીડરતાથી કહી દે છે. એમાં કડવાશ નથી હોતી, પણ સમજપૂર્વકની મીઠાશ રહેલી હોય છે.

આજે પૂ.શ્રીએ ગુજરાતી ને અંગ્રેજી એમ બે ભાષામાં પ્રવચન કર્યું. પ્રવચન બાદ સ્વામીજીને કંઈક કહેવા માટે વિનંતિ કરી. તેથી સ્વામીજીએ ટૂંકમાં નાનું પ્રવચન કર્યું. અંતે ભજન ગવાયા બાદ વિદાય લીધી.

અહીં વિદાયવેળાએ બધી બહેનોએ પોતપોતાની શ્રદ્ધાભક્તિ પ્રમાણે પૈસાનાં કવરો પૂ.શ્રીને ચરણે ધર્યાં. પૂ.શ્રીએ ઘણી ના પાડી, છતાં તે સૌએ પોતાની ભાવના દૃઢપણે વ્યક્ત કરી. છેવટે, પૂ.શ્રીએ તે સઘળી રકમ ગણી તો તે ૧૧૭ રેન્ડ થઈ. તે પૈકીના ૧૦૮ રેન્ડ (ભારતીય ચલણ પ્રમાણે નવસો રૂપિયા) તેમણે સ્વામીજીને એક કવરમાં મૂકીને આપી દીધા. બાકી વધેલા ૯ રેન્ડ મંદિરની આરતી માટે આપી દીધા.

જે લક્ષ્મી માગ્યા વિના મળી તેનો સુંદર સદુપયોગ પૂ.શ્રીએ ઘડીના પણ વિલંબ વિના કરી દીધો. ઉપદેશ આપવો એ એક વાત છે ને તેને આચરણમાં મૂકવો એ બીજી જ વાત છે. ઉપદેશ અને આચરણની પૂ.શ્રીની એકવાક્યતા આ દેશમાં ત્રીજીવાર દૃષ્ટાંતરૂપે જોવા મળી.

પૂ.શ્રીનું દિવ્યજીવન સૅન્ટરમાંનું પ્રથમ પ્રવચન સાંભળીને ત્યાંના સ્વામીજી શ્રી સહજાનંદે ડરબનમાં પૂ.શ્રીને ૫૦ રેન્ડ આગ્રહ કરીને આપેલા. પૂ.શ્રીએ તરત જ તે રકમ

પુનિત સેવા સંઘને ત્યાં જ આપી દીધી હતી.

જોહાનિસબર્ગમાંના સત્યસાંઈબાબા મંડળના તા. ૨૩-૧-૮૩ના છેલ્લા પ્રવચન બાદ એક ભાઈ પૂ.શ્રીને કવર આપી ગયેલા. પૂ.શ્રીએ એમનો આગ્રહ જોઈને તેમનું બંધ કવર સ્વીકાર્યું. પણ પછી તરત જ સત્યસાંઈબાબા મંડળના સંચાલક શ્રી જેક્સન ઉર્ફે જ્યોતિર્ધરને ભેટ આપી દીધેલું. બે દિવસ પછી શ્રી જ્યોતિર્ધર તે કવર લઈને પૂ.શ્રી પાસે આવેલા. કારણ કે એ બંધ કવરમાં સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટના 'અધ્યાત્મ' માસિકના આજીવન સભ્યના લવાજમની રકમ અને સરનામું હતાં. પૂ.શ્રીએ તે સ્વીકારીને સરનામા પ્રમાણેની રસીદ અપાવી.

કવર આપી દેતી વખતે પૂ.શ્રીનો સંકલ્પ હતો કે જે રકમ એમાં હોય તે એ મંડળને મળે. પણ એમાંથી તો બીજી બાબત નીકળી. એટલે પૂ.શ્રીએ તરત જ મને જણાવ્યું કે, આપણી પાસે જો અહીંનાં નાણાં હોય તો એમાંથી એકાવન રેન્ડ લાવો. તે રકમ આપણે જ્યોતિર્ધરને આપીએ. એ રીતે પૂ.શ્રીએ તે રકમ શ્રી જેક્સન ઉર્ફે જ્યોતિર્ધરને આપેલી.

ડરબન, જોહાનિસબર્ગ, ઈસ્ટ લંડન વગેરે સ્થળે આ રીતે પૂ.શ્રીએ પોતાને સહજ રીતે મળેલી રકમોને તરત જ સેવાના કામમાં આ જ દેશમાં આપી દીધી છે.

છેવટે હૉલમાં ઉતારા ઉપર આવી ગયાં. ફળ-દૂધ લઈને આરામ કર્યો.

**હરિઃ ૐ**

**—'મા' સર્વેશ્વરી**



# ॥ ગાંધીગૌરવ મહાકાવ્યની ગરિમા ॥

'ગાંધીગૌરવ' જેવી ગાંધીજીના મહાન જીવનના કેટલાક પ્રેરક પ્રસંગોનું આકલન કરતી રચના વિશે શ્રી મોરારજીભાઈ દેસાઈ, કાકાસાહેબ કાલેલકર અને સર્જક પોતે આ કૃતિ અને એની રચનાના ઉદ્દેશને પોતાની કલમે રજૂ કરે છે તેને માણીએ.

● "'ગાંધીજીની વિરાટ અને ઓજસ્વી પ્રતિભા દ્વારા માનવ જીવનના દરેક પાસા-વૈયક્તિક, સામાજિક, રાજકીય, આર્થિક, આધિભૌતિક પર પ્રકાશ પડ્યો અને જનમાનસમાં નવી સમજ તથા નવી ચેતના જન્મ્યાં. માત્ર ભારતના જ નહિ સમગ્ર વિશ્વના માનવજીવન પર તેમના જીવન અને કાર્યની અસર થઈ છે. તેમનો જીવનસંદેશ બુદ્ધ, ઈશુ, સૉક્રેટીસ, કૉન્ફ્યુશિયસ કે મહમદ પયગંબરના સંદેશની જેમ સ્થળકાળની મર્યાદાથી પર છે.'

ગાંધીજીના મહાન જીવન અને કવનને સમજવા પોતાની અનુભૂતિ મુજબ અભિવ્યક્તિ આપવા અનેક સાહિત્યકારોએ, વિચારકોએ અને તત્ત્વજ્ઞોએ પ્રયાસ કર્યા છે, કોઈએ ગદ્યમાં તો કોઈએ પદ્યમાં, કોઈએ તેમને અવતારી પુરુષ તરીકે તો કોઈએ સમાજસુધારક તરીકે કોઈએ સામાન્ય માનવીમાંથી મહાવિભૂતિ બનનાર તો કોઈએ ભારતની સ્વતંત્રતાને મૂર્તિમંત કરનાર ને કોઈએ મનોવિશ્લેષણની દૃષ્ટિએ તો કોઈએ માનવતાની પુનઃ પ્રતિષ્ઠા કરનાર તરીકે આલેખ્યા છે.

શ્રી યોગેશ્વરે 'ગાંધીગૌરવ' ગાથામાં સત્યના ઉપાસક અને આત્માને ઢંઢોળનાર ગાંધીજીનું આલેખન કર્યું છે. તેમનું પદ્ય

સરળ અને પ્રસાદયુક્ત છે. કવિતાનું સંકલન સુગઠિત છે. અને ભાષા સાદી અને નિરાડંબરી છતાં અભિવ્યક્તિ પૂર્ણ છે.''

**–શ્રી મોરારજી દેસાઈ**

● '''ગાંધીગૌરવ' આખો ગ્રંથ સંસ્કૃત છંદોમાં લખાયેલો છે. શ્રી યોગેશ્વરે ગાંધીજીના જીવનમાંથી પ્રેરક પ્રસંગો જ પસંદ કર્યા છે. જે જે વસ્તુ એમને રોચક અને પ્રબોધક લાગી, સાહિત્યની ભાષામાં ચમત્કૃતિજનક લાગી એ જ એમણે લીધી છે. ગાંધીજીની વ્યવહારકુશળતા, આર્યસંસ્કારિતા, લોકોત્તર વીરોચિત ચરિત્ર, માનવહિતની ઈંતેજારી આપણને દીક્ષા આપતા હોય એવા પ્રસંગો પસંદ કરી એમણે પોતાની વાણી પવિત્ર કરવાની તક ઝડપી છે.

યોગેશ્વરજી પોતે સાધક હોઈ ગાંધીજીની જીવનસાધના સમજતાં એમને મુશ્કેલી પડી નથી. તેથી આ 'ગાંધીગૌરવ' કાવ્ય કેવળ આસ્વાદ્ય નથી પણ બોધક અને પ્રેરક થયું છે.''

**–શ્રી કાકા કાલેલકર**

● '''ગાંધીગૌરવ'ને સાહિત્યપ્રેમીઓ સમક્ષ રજૂ કરી કરવા યોગ્ય ઉત્તમ અને અગત્યના કાર્યને પૂર્ણ કર્યાનો સંતોષ અને અવર્ણનીય આનંદ અનુભવતા સંતકવિ યોગેશ્વરજી કૃતિના પ્રાસંગિકમાં લખે છે.

'આવી કૃતિને માટે કલમ ચલાવવાની ઈચ્છા ઘણા લાંબા વખતથી હતી. ગાંધીજીનું શરીર શાંત થયું તે પછી બીજે જ વરસે તે માટે ભાવના થયેલી. થોડીક તૈયારી પણ કરેલી. પરંતુ તે પછી વરસો વીતતાં ગયાં છતાં એ કામ આગળ વધી ના જ શક્યું. ૧૯૬૦માં એક વ્યવસ્થિત લેખનપ્રયાસ કરેલો પરંતુ તેમાં સંશોધન અને સંવર્ધનની ઘણી આવશ્યકતા હતી. તે છેક આટલે



વખતે સંપૂર્ણ કરી શક્યો છું.'

'ગાંધીગૌરવ'માં ગાંધીજીનું સળંગ કે સવિસ્તાર જીવનચરિત્ર નથી લખાયું. તેમના જીવનચરિત્રને સળંગ રીતે લખવાની મારી ઈચ્છા હતી જ નહિ. તેમનું આત્મકથાનું સાહિત્ય પણ સુપ્રસિદ્ધ છે. એમના જીવનને કવિતામાં એક બીજી જ રીતે, વિશેષ રીતે રજૂ કરવાની મારી ભાવના હતી.

મારી દૃષ્ટિએ ગાંધીજીના જીવનનું એક વિશેષ ધ્યેય હતું. એમના સમગ્ર જીવનની પાછળ એક ખાસ હેતુ કામ કરી રહ્યો હતો. એની પૂર્તિ માટે જ એ આ પૃથ્વી પર પ્રકટ થયેલા. એમના જીવનમાં એમને સુયોગ્ય સમયે એ વાતની પ્રતીતિ થઈ. એ માટે એમણે ભારેમાં ભારે, નિરંતર મહેનત કરી, ને એ માટે કુરબાન પણ થયા. એ હેતુ હતો ભારતની સ્વતંત્રતાનો, કરોડો દેશબાંધવોની મુક્તિનો, નવજાગૃતિનો તથા સંસારને શાંતિ ને માનવતાનો સંદેશ આપવાનો. એ ઉત્તમ હેતુની સિદ્ધિ માટે જ એમનું જીવન અથવા શરીરધારણ હતું.

ગાંધીજીના જીવન પાછળ એક વિશેષ આદર્શ કામ કરી રહ્યો હતો. એ આદર્શને નજર સામે રાખીને જ મેં 'ગાંધીગૌરવ'ની રચના કરી છે.

કેટલાંક લોકો માને છે કે ગાંધીજી કેવળ રાષ્ટ્રીય નેતા હતા, એમનું કર્મ સીમિત હતું. અને એમનો પુરુષાર્થ ભારત પૂરતો જ મર્યાદિત હતો. એ માન્યતા બરાબર નથી. ગાંધીજી કેવળ ભારતના નહિ પણ સમસ્ત વિશ્વના હતા. એમના કામની અસર ભારત બહાર બધે જ થઈ છે. દુનિયાના મોટા ભાગના દેશોમાં એમના પ્રત્યે પ્રેમ અને આદરની લાગણી છે. એમનું મુખ્ય કાર્યક્ષેત્ર ભારત હોવા છતાં એમની દૃષ્ટિ સંકુચિત કે સીમિત

જરાય ન હતી. એમના હૃદયમાં સારાય સંસારને સ્થાન હતું. એ જ ભાવથી મેં એમની કવિતા કરી છે. એકાદ નાના કે મોટા રાષ્ટ્રીય નેતા તરીકે નહિ પરંતુ એક મહાન વિશ્વમાનવ તરીકે, જ્યોતિર્ધરરૂપે.

ગાંધીશતાબ્દીના અગત્યના અવસર પર એ પ્રાતઃસ્મરણીય મહાપુરુષને આ કૃતિની અનુરાગભરી અંજલિ આપી શકું છું એ હકીકત આનંદદાયક છે.

ગાંધીજીના લોકોપયોગી જીવનનું ગુણગાન માનવજીવનને માટે સદાને માટે પ્રેરક, પ્રકાશદાયક અને સુખમય થવાનો સંભવ છે.''

**—શ્રી યોગેશ્વરજી**

આમ 'ગાંધીગૌરવ' એ સંત કવિ યોગેશ્વરની મહત્ત્વાકાંક્ષી મહાકાવ્ય-રચના છે. ઈ.સ. ૧૯૭૦માં તે પ્રગટ થઈ છે. તેઓશ્રી ગાંધીજીના જીવનને અતિ આદરથી જોતા હતા. અભ્યાસકાળ દરમિયાન તેમને ગાંધીજીનો પરિચય થયો હતો. ગાંધીજીના નેતૃત્વ હેઠળ ચાલતી પ્રવૃત્તિઓના તેઓ સાક્ષી હતા. 'ગાંધીગૌરવ' એ યોગેશ્વરજીની વર્ષોની સાધનાનો પરિપાક છે. એની પાછળ એમણે ઈ.સ. ૧૯૪૯ થી ૧૯૬૮ સુધી પુરુષાર્થ કર્યો હતો. ગાંધીજીના મહાકાવ્ય સમા જીવનથી પ્રભાવિત થઈને લાંબા પરિશ્રમ પછી યોગેશ્વરજીએ 'ગાંધીગૌરવ' મહાકાવ્ય આપ્યું છે.

'ગાંધીગૌરવ'ના પ્રકાશન અંગે કવિએ પોતાની આત્મકથા 'પ્રકાશના પંથે'માં એક ચમત્કૃતિયુક્ત પ્રસંગ લખ્યો છે. તેમને પોતાની આ કૃતિના લેખન પછી તેના પ્રકાશનનો પ્રશ્ન મૂંઝવતો હતો, ત્યારે ખુદ ગાંધીજીએ તેમને ધ્યાનમાં દર્શન આપ્યાં હતાં.



અને આ વ્યવસ્થા નવજીવન પ્રકાશન કરશે અને મોરારજીભાઈ દેસાઈ તેનું 'આમુખ' લખશે એવું કહ્યું હતું.

સાહિત્યની સૃષ્ટિમાં યોગેશ્વરજી 'ગાંધીગૌરવ' મહાકાવ્યથી સવિશેષ જાણીતા છે. એ એમની કવિપ્રતિભાની યશકલગી ગણાયું છે.

'ગાંધીગૌરવ' એ મહાત્મા ગાંધીજીનું 'મહિમ્નકાવ્ય' છે. ગાંધીજીના જન્મશતાબ્દીના અવસરે કવિએ આ કાવ્ય દ્વારા ગાંધીજીની વિભૂતિમત્તાને કાવ્યાંજલિ આપી છે. 'સત્યના પ્રયોગો'માં આલેખાયેલા પ્રસંગોનો તેમણે ઉપયોગ કર્યો છે. ઉપરાંત તેમના જાહેર જીવનના સઘળા પરિચિત પ્રસંગોમાંથી મુખ્ય મુખ્ય પ્રસંગો પણ વણી લીધા છે. ગાંધીજીના જીવનની વસ્તુપસંદગી મહાકાવ્યોચિત છે. મહાકાવ્ય મહાન જીવનવસ્તુ, મહાકથા, મહાકવિતા, મહાયુગદર્શન અને મહાન જીવનદર્શનનું બનેલું હોય છે. આપણા જાણીતા વિવેચક શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ એકવાર ગાંધીયુગના કવિઓ સમક્ષ ફરિયાદ કરી હતી કે ગાંધીજીનું જીવન મહાકાવ્યનું વિષયવસ્તુ બની શકે તેમ છે, તો પછી ગાંધીજી ઉપર મહાકાવ્ય કેમ રચાતું નથી ?

ગાંધીયુગીન સમર્થ કવિઓ જે સાહસ ન કરી શક્યા તે પુરુષાર્થ યોગેશ્વરજીએ ગાંધીજીથી અભિભૂત થઈને કર્યો છે, પ્રેમથી કર્યો છે.

ગાંધીજીના જેવું વિશ્વવિખ્યાત વિષયવસ્તુ પસંદ કરવામાં કવિનો પ્રયત્ન દાદ માગી લે તેવો છે. તેમણે સંસ્કૃત મહાકાવ્યના માળખાને ઠીક ઠીક અપનાવ્યું છે. મહાકાવ્યનાં લક્ષણો,

સર્ગબદ્ધતાને તેઓ અનુસરે છે. તે રીતે કૃતિનું કથાનક સુપ્રસિદ્ધ, ગૌરવપૂર્ણ અને ગંભીર છે. એમાં ક્રિયા અને ઘટનાનું પ્રાધાન્ય છે. ચરિત્ર પોતે જ એક મહાકથા છે. એમાંથી આપોઆપ જ મહાન જીવનદર્શન સ્ફુટ થાય છે. જેમાં આત્મા, પરમાત્મા, જીવનમૂલ્યો, જીવનમૃત્યુ, રાષ્ટ્રગૌરવ અને વૈશ્વિક ભાવનાનો બોધ થાય છે. ગાંધીજીનું ચરિત્ર એક ધર્મવીર, કર્મવીર, દેશવીર નાયકનું છે. તેમાં તેમના સામાજિક અને રાષ્ટ્રીય ભાવનાનાં કાર્યોનું ચિત્રણ થયું છે. તેઓ ધીરોદાત્ત, ધીરગંભીર મહાનાયક છે. સત્ય અને અહિંસાના વીરનાયક છે. આ દેશના દરિદ્રનારાયણના જ નહિ, સમગ્ર વિશ્વની માનવતાના પ્રતિનિધિ છે.

પ્રસ્તુત કૃતિમાં કવિ સંસ્કૃત મહાકાવ્યની ભાષાશૈલી અને સ્વરૂપની વિભાવનાને સંતોષે છે. તેમણે ભાવાનુકૂલ છંદોબદ્ધ રચના કરી છે. 'સૉનેટત્રય' અને 'સૉનેટઅષ્ટક'ના સુભગ પ્રયોગો પણ કર્યા છે.

'ગાંધીગૌરવ'નો અંજલિથી પ્રારંભ કરતાં કવિ કહે છે કે, 'આ પૃથ્વી સ્વયં પરમાત્માની એક મહાન કવિતા છે.'

**"પૃથ્વી મહાન કવિતા પરમાત્મ કેરી**<br>**એમાં મહાપુરુષની કવિતા અનેરી,**<br>**એને પ્રણામ અતિ આદરથી કરું છું,**<br>**ભાવો તણી અમૃત-અંજલિ આ ધરું છું."**

એ રીતે તેઓ ગુણનિધાન ગાંધીની કાવ્યપ્રશસ્તિ કરે છે. મહાકાવ્યની પરંપરા પ્રમાણે કવિ સરસ્વતી, દિવ્ય ૠષિ, શિવ,



વાલ્મિકી, વ્યાસજી વગેરેને પ્રણામ કરે છે.

ત્રીજા સર્ગમાં માતૃભૂમિની વંદના રાષ્ટ્રભક્તિનું સુભગ કાવ્ય બને છે. ચોથામાં હિન્દમાતાના ઉદ્ધાર માટે ગાંધીજીની વરણીની રજૂઆત કરી, કવિ ગાંધીજીના જન્મની વાત કરતાં પ્રકૃતિમાં પ્રકાશ પથરાયો ને ચેતના જન્મી એવું દર્શાવી તેમના જન્મને દિવ્યજન્મ તરીકે નિરૂપે છે. માતાનું ગીત-હાલરડું ગવાય છે. ત્યારબાદ તેઓ ગાંધીજીના શૈશવના ત્રણ પ્રસંગો આલેખે છે. (બાળમોહનની બાળલીલા, સત્યપ્રિયતા અને પિતાની વાણીના પ્રસંગો) 'ક્રાન્તિપ્રસંગ'માં ગાંધીજીએ સોનાનું કડું ચોર્યું તે વર્ણવ્યું છે. તે પછી દક્ષિણ આફ્રિકામાંના બૅરિસ્ટર તરીકેની કારકિર્દીના પ્રસંગો વર્ણવે છે. તેમાં ગોરા અમલદારે પ્રથમ વર્ગના ડબ્બામાંથી ગાંધીજીને બહાર ફેંકી દીધા તે ઘટનાને ગૌરવપૂર્ણ રીતે નિરૂપે છે. દક્ષિણ આફ્રિકાના નિવાસ દરમિયાન તેમની પર આવેલા ચારિત્ર્યસ્ખલનના પ્રસંગમાં તેમણે પવિત્રતા જાળવી તે દર્શાવ્યું છે. ગાંધીજી ઉપર અંગ્રેજોએ હુમલો કર્યો ને ક્ષમા માગી તે પ્રસંગને તેમના સત્યના જય તરીકે વર્ણવ્યો છે. અંગ્રેજ મિત્રો ઉપર તે પ્રેમથી વિજય મેળવે છે. કવિ કહે છે –

**"ના વેરને શાંત કરાય વેરથી,**<br>**છે વેરનું ઔષધ માત્ર પ્રેમ.**<br>**સિદ્ધાંત એવો મનમાં વસેલો**<br>**બનાવતા જીવન શુદ્ધ હેમ."**

આ પ્રસંગે કવિ ગાંધીજીને ઈશુ સાથે સરખાવે છે ત્યારબાદ ગાંધીજી જાહેર દ્રવ્યની ચિંતા કરતા તે બાબત, અંગ્રેજ પોષાકનો

ત્યાગ કર્યો અને ફકીરનો વેશ ધારણ કર્યો તે, કસ્તૂરબા બિમાર હતાં ત્યારે પણ તેમણે પોતાનું કર્તવ્ય નિભાવ્યું તેનું આલેખન થયું છે. ગાંધીજી પોતાને મળેલી ભેટનો ત્યાગ કરતા. વકીલમાંથી લોકનેતા બન્યા. આફ્રિકામાં વિજય મેળવી ભારત આવ્યાની વિગત કવિએ ૧૭માં ખંડ સુધી દર્શાવી છે.

૧૮મા ખંડથી ભારતમાતાની કામગીરીનું વર્ણન છે. કૉંગ્રેસમાં કામગીરી કાલી મંદિરમાંની હિંસાનું દર્શન, શાંતિનિકેતનમાં ટાગોરની મુલાકાત, ચંપારણ્ય અને દેશના બીજા ભાગોની યાત્રા, દેશસેવાનો સંકલ્પ, અંતરમાં જાગેલી મુક્તિની ભાવના અને ભારતમાતાને મુક્ત કરવા પ્રારંભ કરેલો પુરુષાર્થ વગેરે વસ્તુનું નિરૂપણ કર્યું છે. ખંડ ૨૪-૨૫માં સર્પની ઘટના ૧-૨ વર્ણવી ગાંધીજી અંગ્રેજોરૂપી ઘોર સર્પને હઠાવશે એવો ધ્વનિ તારવ્યો છે. કવિએ ગાંધીજીના વ્રતોને સત્યાગ્રહના નવા શસ્ત્ર તરીકે ઓળખાવ્યાં છે. કસ્તૂરબા સાથેના જીવનને આલેખતા કવિ ગાંધી વૃક્ષ તો કસ્તૂરબા વેલી એવું સાયુજ્ય દર્શાવતાં કહે છે –

**"સૌભાગ્ય પામી ન શકી યશોધરા,**
**રત્નાવલી, વિષ્ણુપ્રિયા વળી જે,**
**કસ્તૂરબાને પરિપૂર્ણ સાંપડ્યું,**
**સામીપ્ય આજીવન નાથનું એ."**

તે પછી કવિ ગાંધીજીના સ્વદેશીના મંત્ર અને સ્વદેશી વસ્ત્રના સંકલ્પ વર્ણવે છે. ગાંધીજી ગોળમેજી પરિષદમાં હાજરી આપવા ગયા તે ભવ્ય પ્રસંગને તે ગૌરવપૂર્ણ રીતે આલેખે છે. અહીં ગાંધીજીની સંપૂર્ણ સ્વરાજની માગણીમાં કવિની



સ્વાતંત્ર્યભાવના ઝળકી ઊઠે છે. દાંડીકૂચની ભિષ્મપ્રતિજ્ઞા અને દાંડીયાત્રા તથા ફરીથી થયેલી ગોળમેજી પરિષદનો કવિએ સરસ અહેવાલ આપ્યો છે. ગાંધીજીએ હરિજનો માટે કરેલા ઉપવાસો, હરિજન સંઘને સમર્પિત કરેલો આશ્રમ, એક વૃદ્ધાએ ગાંધીજીને ૧૫ રૂા. ભેટ આપ્યા તે પ્રસંગને પણ અહીં સ્થાન આપ્યું છે. 'યુદ્ધકાળના સંદેશ'માં કવિ વિશ્વયુદ્ધના સમયની ગાંધીજીની શાંતિભાવનાને વ્યક્ત કરે છે. 'સૉનેટત્રય'માં કવિ ગાંધીજીનો શાંતિસંદેશ, જગતમાં ચાલી રહેલી સંસ્કૃતિની વિકૃતિ અને તેને અટકાવવાના થતા જીવનપ્રદીપોની ભાવના ગાઈ છે. ગાંધીજીના વિશિષ્ટ વ્યક્તિત્વનો પરિચય આપી તેમનાં સુધામય સ્મિતના અને માનવતાના ગુણાનુવાદ ગાય છે.

ગાંધીજી પોતાના વારસદાર તરીકે જવાહરલાલની નિયુક્તિ કરે છે. ત્યારબાદ 'ભારત છોડો' આંદોલન છેડાય છે. ૧૯૪૨માં ગાંધીની ધરપકડ થાય છે. આગાખાન મહેલમાં કસ્તૂરબાનું મૃત્યુ થાય છે. આ કરુણ પ્રસંગને કવિ પૂરા ગૌરવથી આલેખી જીવન અને મૃત્યુ વિશે આગવું ચિંતન વ્યક્ત કરે છે. કસ્તૂરબાના ચરિત્રને ભવ્ય અંજલિ આપી ગાંધીજીની મનઃ સ્થિતિ નિરૂપતાં કહે છે –

**"નવ મોહ શરીરનો મને,**
**શુચિ સ્નેહ પરંતુ આત્મનો;**
**દિલ ઝંકૃત એટલે થતું,**
**વિસરું ઉપકાર શેં ઘણો ?"**

કવિ જીવનની ગતિ વિશેનું પણ સુંદર ચિત્ર આપે છે –

**"પરબમાં મળ્યા જીવ આ બધા,**
**નિજપથે શમાવી તૃષા જતા,**
**સ્મરણ એમના કિન્તુ પ્રાણથી**
**વિલગ ના જ કેમ કરી થતાં."**

'ભારત છોડો' આંદોલન વખતે કોમવાદના જે પ્રસંગો બન્યા તેને કવિ 'સુધા પહેલાંનું ઝેર' કહીને આલેખે છે. ૧૯૪૬માં નોઆખલીનાં કોમવાદી તોફાનોમાં ગાંધીજીએ ભજવેલો ભવ્ય ભાગ આલેખી તેમના ચરિત્રને ઉપસાવ્યું છે.

'સૉનેટઅષ્ટક'ના ગુચ્છ૭માં અનુક્રમે કૃષ્ણ, રામ, બુદ્ધ, ઈશુ, પયગંબરો, સુદામા, અનુકંપા અને નરસિંહ મહેતા વિશે છે કવિ ગાંધીજીને ઈશુ અન પયગંબરોના અવતાર તરીકે ઓળખાય છે. તે વિશિષ્ટ છે.

ગાંધીજીએ પોતાના સહકાર્યકરોને રચનાત્મક કાર્યો કરવા આદેશ આપ્યો, ઠક્કરબાપાએ હરિજનોની સેવા કરી તે પ્રસંગ 'સંન્યાસની સમસ્યા' તરીકે આલેખ્યા છે.

આઝાદી પછી દેશમાં ભારત-પાકિસ્તાન એવા ભાગલા પડ્યા. કોમી રમખાણો ફાટી નીકળ્યાં, અશાંતિના દિવસો આવ્યા. શાંતિ સ્થાપવા ગાંધીજીએ ઉપવાસ આદર્યા, વાર્તાલાપ કર્યા તેમાં શાંતિ, પ્રેમ, અહિંસા, સત્યાગ્રહ, કર્મયોગ, ઉપાસના વિશેના વિચારો વ્યક્ત કર્યા તે કવિએ ગૂંથી લીધા છે.

૫૭મા ખંડમાં ગાંધીજીના મહાપ્રયાણનો પ્રસંગ આલેખાયો છે. આ મહાપ્રયાગ મહાપ્રસ્થાન જેવું કે બુદ્ધના મહાભિનિષ્ક્રમણ જેવું ભવ્ય પ્રકરણ છે. ગાંધીજીની હત્યાના



પ્રસંગને તેમણે સંક્ષેપમાં પણ ગૌરવપૂર્ણ રીતે આલેખી કરુણાર્દ્ર અંજલિ આપી છે. –જેમ ગાંધીજીના જન્મથી પ્રકૃતિ ખીલી ઊઠી હતી, તેમ તેમના મૃત્યુથી પ્રકૃતિ રડી ઊઠી અને રાષ્ટ્ર પણ રડી ઊઠ્યું. કવિએ ગાંધીજીની વિદાયથી થયેલાં ઊંડા દર્દની અનુભૂતિને આ ખંડમાં વાચા આપી છે.

કવિનું ચિત્ત ગાંધીજીના વ્યક્તિત્વને સમુચિત અંજલિ આપતાં આક્રોશ કરી ઊઠે છે –

**"કેમ ગોળી મારતાં**
**કર કપાઈ ના ગયા ?**
**વિચાર જ હિંસા તણા**
**પ્રગટ રે, શાને થયા ?"**

ગાંધીજીને દધીચિ તરીકે નિરૂપી, તેમની મરણોત્તર સ્થિતિ અને રાજઘાટના સ્મારકનું ચિત્ર આપી કવિ જ 'ભૂદાનની ભાગીરથી' નામના ખંડમાં ગાંધીજીની વિદાય બાદ વિનોબાજીએ જે ભૂદાન આંદોલન શરૂ કર્યું તેની કથા આલેખે છે. પૂર્ણાહુતિમાં કવિ વિનમ્ર ભાવે કહે છે, –

**"માંગલ્યમૂર્તિ ગાંધીનો**
**અર્પ્યો લેશ ચિતાર મેં,**
**અનંત આભ આલેખી**
**માપી પૂર્ણ શકાય શે ?"**

સર્જકે 'ગાંધીગૌરવ'ને ૬૭ જેટલા ખંડમાં નિરૂપ્યું છે. જેમાં ગાંધીજીના જીવનની મહત્ત્વની ઘટનાઓના આયોજન અને નિરૂપણમાં કવિકૌશલ્ય દાખવ્યું છે. 'સેવાપ્રસંગે' અને 'મુક્તિની

ભાવના'માં હિમાલયનું પ્રકૃતિસૌંદર્ય ઉત્તમ રીતે વર્ણવ્યું છે. 'કસ્તૂરબાનો મૃત્યુપ્રસંગ', 'દાંડીયાત્રાનો પ્રસંગ', 'ભારત છોડો', 'યુદ્ધકાળનાં વર્ણન અને સંદેશ'માં કવિની કવિતા ઝળકી ઊઠે છે. કવિએ ગાંધીજીના વિચારોને વ્યક્ત કરવા માટે 'વાર્તાલાપ' નામનો અધ્યાય યોજ્યો છે. જેમાં તેમના આદર્શ સ્વરાજ, શ્રેષ્ઠ સુખ, કર્મયોગ, ઈશ્વર, જગતની પ્રિય વસ્તુ વગેરેમાં ગાંધીવિચારોને સુંદર અભિવ્યક્તિ મળી છે. 'યુદ્ધકાળનો સંદેશ'માં કવિ આર્દ્રતાથી કહે છે –

**"શોણિત કેરા સરોવર થકી**
**પદ્મ શાંતિનું ના પ્રકટે,**
**હિંસા ને પ્રતિશોધ ભાવથી,**
**વેરભાવના ના અટકે."**

નોઆખલીની ભયંકર પરિસ્થિતિમાં પણ આશાવાદી કવિ કહે છે –

**"રાત્રિમહીં એ રજનીશ તારલા**
**માધુર્ય રેલી મધુરાં પ્રકાશતાં,**
**પંક હશે પંકજ કે ગુલો,**
**ભવિષ્યની ત્યાં લગ ના નિરાશા."**

ગુજરાતી મહાકાવ્યના પ્રયોગોમાં 'ગાંધીગૌરવ'નું નોંધપાત્ર સ્થાન છે. આવું ભગીરથ સર્જનકાર્ય કરવું તે બહુ મોટો પુરુષાર્થ-પરિશ્રમ માગી લે છે. કવિનો કાવ્યાદર્શ ઊંચો છે. તેમની ઇચ્છા કાવ્યને સરળ અને લોકભોગ્ય ભાષાશૈલીમાં રજૂ કરવાની હતી. તેમના શબ્દોમાં કહીએ તો – 'ગાંધીજીના



લોકોપયોગી જીવનનું ગુણગાન ગદ્ય કે પદ્યમાં જેટલું પણ કરવામાં આવે એટલું ઓછું છે. માનવજીવનને માટે એ સદાને માટે પ્રેરક, પ્રકાશદાયક અને સુખમય થવાનો સંભવ છે, આજના સંક્રાંતિકાળમાં નીતિ, સદાચાર, નિઃસ્વાર્થ સેવાભાવ, એકતા, માનવતા અને શુદ્ધિનાં પરિબળોનો હ્રાસ થતો જાય છે, ત્યારે એવું ગુણસંકીર્તન વિશેષ અગત્યનું અને આશીર્વાદરૂપ છે, એમાં શંકા નથી. પ્રજાને એ પ્રેરણા આપે એ આવશ્યક છે.'

ગાંધીજી પર મહાકાવ્ય લખવું એ એક પડકારરૂપ હતું. તેમાં સંતકવિ યોગેશ્વરે ગાંધીપ્રીતિથી આકર્ષાઈ કરેલો આ પુરુષાર્થ સમગ્ર સાહિત્યસૃષ્ટિનું ગૌરવ બની રહે છે.

આપણે ત્યાં ગાંધીજીવિષયક નોંધપાત્ર ઊર્મિકાવ્યો, ખંડકાવ્યો રચાયાં છે પણ મહાકાવ્યનો આવો પ્રયોગ તો વિરલ જ છે.

કૃતિમાં ક્યારેક શબ્દપ્રચુરતા કાવ્યના વેગ માટે અવરોધક બને છે. તેમ છતાં સમગ્રતયા 'ગાંધીગૌરવ'માં કવિની ભાષા શિષ્ટ, સંસ્કૃત અને સંસ્કારી હોવાથી તેની પ્રવાહિતા અને પ્રાસાદિકતા ધ્યાનાકર્ષક બની રહે છે. તેની રચનારીતિ, પ્રસંગવર્ણન ઉત્તમ છે.

મહાકાવ્યરૂપે 'ગાંધીગૌરવ' જેવી કાવ્યકૃતિની સાહિત્યપ્રેમી જનતા અને સર્જકવિશ્વને પ્રેરણાદાયી, યશસ્વી ભેટ ધરનાર ઊર્મિકવિ યોગેશ્વરજીને શત શત વંદન. કૃતિલેખન પાછળ કરેલા તેમના પ્રખર પુરુષાર્થને પણ કોટિ કોટિ પ્રણામ.

સાહિત્યજગત સદા સદાને માટે તેમનું ઋણી રહેશે.

**–ડૉ. અરુણા ઠાકર**

# ॥ ગાંધીગરિમાથી ઓપતા પ્રસંગો ॥

## ॥ ફળ લેવાથી લોહી વધતું નથી, ઊલટાનું ઘટે છે ॥

૧૯૪૭ના ઉનાળામાં દિલ્હી આવેલા બાપુનો ખોરાક ઓછો થઈ ગયો હતો. એક સવારે મનુબહેને કેરીના રસનો પ્યાલો ભરીને જમતી વખતે આપ્યો. બાપુએ પૂછ્યું; પહેલાં તપાસ કર કે કેરીની કિંમત શી ? મનુબહેને માન્યું કે બાપુ વિનોદ કરે છે. એ તો કાગળોની નકલ કરવાના કામે વળગ્યાં. થોડીવાર પછી જોયું તો બાપુએ રસ લીધો નહોતો, એટલે લેવા કહ્યું.

બાપુએ કહ્યું; હું તો સમજતો હતો કે તું કેરીની કિંમત પૂછીને જ આવશે. કેરી ભેટ આવી હોય તોપણ તેની કિંમત પૂછ્યા પછી જ તારે મને ખાવા આપવી જોઈએ. કેરીનું ફળ દસ આનાનું છે એમ મારા સાંભળવામાં આવ્યું. તો એ ફળ ખાધા વગર હું જીવી શકું તેમ છું. આ રીતે ફળ લેવાથી મારા શરીરમાં લોહી વધતું નથી, ઊલટાનું ઘટે છે.

તેવામાં જ બાપુજીને પ્રણામ કરવા એક બે નિરાશ્રિત બહેનો પોતાનાં બાળકોને લઈને આવી. બાપુજીએ તરત જ બે જુદા જુદા વાડકામાં બંને બાળકોને રસ પીવા આપી દીધો. એમના હૃદયમાંથી હાશ નીકળી ગઈ. કહેવા લાગ્યા; 'ઈશ્વર મારી મદદે છે તેનો આ તાદૃશ દાખલો. પ્રભુએ આ બાળકો અને તે પણ જેવાં બાળકોની હું ઈચ્છા રાખતો હતો તેવાં જ બાળકોને મોકલી આપ્યાં. કેવી ઈશ્વરની દયા છે તે તો તું જો !'

**—ઉમાંશકર જોશી**

★



## ॥ ભગવાં ઉતારવાં પડશે ॥

આશ્રમના શરૂઆતના દિવસોની વાત છે. ત્યાં સ્વામી સત્યદેવ આવ્યા તેમણે બાપુને કહ્યું; 'હું આપના આશ્રમમાં દાખલ થવા માગું છું.'

બાપુ કહે; 'બહુ સારું. આશ્રમ તમારા જેવા માટે જ છે. પણ આશ્રમમાં દાખલ થાઓ એટલે આપને આ ભગવાં કપડાં ઉતારવાં પડશે.'

આ સાંભળીને સ્વામીને ઘણો આઘાત લાગ્યો. તેમણે કહ્યું; 'એ તો કેમ બને ? હું સંન્યાસી છું ને ?' બાપુએ કહ્યું; 'હું સંન્યાસ છોડવાનું નથી કહેતો. મારું શું કહેવું છે તે બરાબર સમજી લો.'

પછી બાપુએ શાંતિથી સમજાવ્યું; 'આપણા દેશમાં ભગવાં કપડાં જોતાં જ લોકો ભક્તિ અને સેવા કરવા મંડી પડે છે. હવે આપણું કામ સેવા લેવાનું નહિ, કરવાનું છે. જે વસ્તુ આપણા સંકલ્પની આડે આવે તે કેમ રાખીએ ? સંન્યાસ માનસિક વસ્તુ છે. બાહ્ય વસ્તુ સાથે તેને શો સંબંધ ? ભગવાં છોડવાથી સંન્યાસ ઓછો જ છૂટે છે ?'

સત્યદેવને વાત સમજાઈ તો ખરી, પણ ગળે ન ઊતરી. મારી પાસે આવીને કહેવા લાગ્યા, 'આ તો મારાથી નહિ બને. જે વસ્ત્રો મેં સંકલ્પપૂર્વક ગ્રહણ કર્યાં છે, તે છોડી નહિ શકું.'

**—કાકાસાહેબ કાલેલકર**

★

## ॥ ધીમું ઝેર ॥

બાપુ બ્રહ્મદેશથી પાછા ફરતા શાંતિનિકેતન રવિબાબુ પાસે આવ્યા. ભારતના બે મહાન પુત્રો એકબીજા સાથે કેવી ઢબે મળે છે, એ જોવા અમે બધા અધ્યાપકો બહુ આતુર હતા.

બાપુ સાથે અમે દીવાનખાનામાં ગયા. રવિબાબુ એક મોટા કોચ ઉપર બેઠા હતા તે ઊભા થઈ ગયા. રવિબાબુની ઊંચી, ભવ્ય, મૂર્તિ, સફેદ વાળ, લાંબી દાઢી અને ભવ્યતામાં વધારો કરનાર ઝભ્ભો. બધું પીઢ અને સુંદર હતું. તેમની સામે ટૂંકું ધોતિયું, પહેરણ ને કાશ્મીરી ટોપી પહેરીને ગાંધીજી ઊભા રહ્યા ત્યારે જાણે સિંહ સામે ઉંદર ઊભો હોય તેવું લાગ્યું.

આ પછી એ બંને અનેકવાર મળ્યા. એક દિવસ સંતોષબાબુએ મને કહ્યું; 'ગાંધીજી અને રવિબાબુ વચ્ચે એક દિવસ ખોરાક વિશે પણ ચર્ચા થઈ હતી. પૂરી વિશે વાત કરતાં તેમણે કહ્યું; ઘી કે તેલમાં તળીને પૂરી બનાવો છો એથી અનાજનું ઝેર બની જાય છે. એ સાંભળીને રવિબાબુએ ગંભીરતાથી જવાબ આપ્યો; 'એ બહુ ધીમું ઝેર હોવું જોઈએ ! હું મારી આખી જિંદગી પૂરી ખાતો આવ્યો છું પણ હજી એથી મને કશું નુકશાન થયું નથી !''

**—કાકાસાહેબ કાલેલકર**

★

**॥ ધર્મયુદ્ધના નિયમો ॥**

ગાંધીજીએ નાની મોટી લડાઈઓ લડવામાં જ જિંદગી ગાળી છે. લડવા સારુ જ તેમનો જન્મ છે, એમ કહીએ તો પણ ચાલે છતાં તેમણે એક પણ માણસ સાથે વેર નથી રાખ્યું.

દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીથી વિરુદ્ધ વિચાર ધરાવનાર કેટલાક હિંદી લોકોનું એક મંડળ જનરલ સ્મટસને મળવા ગયું. પણ પોતાની વાત સ્મટસના મન પર બરાબર ઠસાવવા જેટલું જ્ઞાન અથવા આવડત તેમનામાં ન હતાં. તેથી તેમણે ગાંધીજીને જ વિનંતી કરી, પોતાનું એ કામ કરવા ! ગાંધીજીએ તેમ કરી આપ્યું અને લોકોને પૂરેપૂરો સંતોષ થયો.

આ પ્રસંગમાં ગાંધીજીનું અજાતશત્રુપણું જોવામાં આવે છે. તો



સાથે જ પોતાના વિરોધીના ગુણની કદર કરી તેના ઉપર સંપૂર્ણ વિશ્વાસ મૂકનાર પેલા ભાઈઓની શ્રદ્ધા પણ તરી આવે છે. ખેલદિલીથી ગાંધીજીએ કેટલાયે શત્રુને મિત્ર બનાવ્યા છે. સજ્જનતાના પાઠ ભણાવ્યા છે. જ્યાં દ્વેષ ને છેતરપિંડીનું રાજ્ય હતું ત્યાં ધર્મયુદ્ધના નિયમોને માન્યતા અપાવી છે.

★

**॥ પાપીનો પણ પ્રતિનિધિ ॥**

ગાંધીજીના સત્યાગ્રહનું એક વ્યાકરણ હતું. આ વ્યાકરણનો નિયમ ન પાળતાં જે સત્યાગ્રહ કરવામાં આવે છે તે દુરાગ્રહ બને છે, જબરદસ્તીનો એક પ્રકાર બને છે. સત્યાગ્રહની જગ્યા હત્યાગ્રહ પણ લે છે.

જ્યારે ચૌરીચૌરા હત્યાકાંડ થયો ત્યારે ગાંધીજીએ એને રાષ્ટ્રીય પાપ માની, પ્રાયશ્ચિતરૂપે ઉપવાસ કર્યા. ત્યારે કેટલાકે ગાંધીજીને કહ્યું; 'આપ અહિંસાના પૂજારી છો એ આખી દુનિયા જાણે છે. ત્યાં જે લોકોએ હિંસા કરી, તેની સાથે આપનો દૂરનો પણ સંબંધ જોડવાની હિંમત કોઈ કરવાનું નથી. પછી આપ એ પાપ માટે પોતાને જવાબદાર શા માટે માનો છો ?'

ગાંધીજીએ જવાબ આપ્યો, 'હું પોતાને મનથી ભારતનો પ્રતિનિધિ માનું છું. આખાય ભારતનો હું સેવક પ્રતિનિધિ છું. ભારતના પુણ્યવાન તેમજ પાપી, બધાંનો હું પ્રતિનિધિ છું. આ દેશની કોઈ વ્યક્તિએ આ રીતે હિંસા કરી, તો તેની જવાબદારી મારે માથે આવી પડે છે. સમગ્ર ભારત વતી હું પશ્ચાતાપ ન કરું તો મારું પ્રતિનિધિત્વ લજવાશે.'

તેથી જ રાષ્ટ્રે તેમને 'રાષ્ટ્રપિતા' કહ્યા.

★

## ॥ કુશળ માળી ॥

એકવાર મેં ગાંધીજીને પ્રશ્ન પૂછ્યો : 'આપ અમ સાધકોના સાથી જ નહિ, માર્ગદર્શક પણ છો. તો અમારા દોષ આપ કેમ સહન કરી લો છો ? અમને તે બતાવતા કેમ નથી ?'

ત્યારે એમણે કહ્યું; 'હું એક માળી છું. માળી શું કરે છે ? એ એક છોડ વાવે, એને ખાતરપાણી આપે. હવે, એ છોડની આસપાસ ઘાસ પણ ઊગે છે એને પણ પેલું ખાતરપાણી મળે છે. છોડની દૃષ્ટિએ ઘાસ અનિષ્ટ છે. છતાંય માળી એને તરત ઉખેડી નથી નાખતો. એને ખબર હોય છે કે, ઘાસ ઉખેડવા જતાં પેલો છોડ પણ કદાચ ઉખડી જશે. તેથી એ ધીરજ રાખે છે પછી જ્યારે એને ખાતરી થાય કે હવે છોડનાં મૂળિયાં મજબૂત થયાં છે, ત્યારે જ એ કુશળતાપૂર્વક પેલું ઘાસ ઉખાડી નાખે છે.'

★

## ॥ કાં માફી માંગો કાં મારો સંગ છોડો ॥

મુંબઈમાં ગાંધીજી રેવાશંકરભાઈને ત્યાં ઊતરતા. એક દિવસ સ્વામી આનંદ ત્યાં જઈ પહોંચ્યા. ત્યાંના રસોઈયા સાથે તેમને કંઈ બોલાચાલી થઈ એ રસોઈયાએ તેમની સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કર્યું. સ્વામીને ગુસ્સો ચડ્યો. તેમણે એવી જોરદાર થપ્પડ ચોડી દીધી કે એ બેસી જ ગયો. ફરિયાદ બાપુ સુધી પહોંચી.

બાપુએ સ્વામીને કહ્યું; 'ઊજળા લોકોમાંથી કોઈની સાથે તમારે ઝઘડો થયો હોત તમે તેને આમ થપ્પડ ન મારત. આ બિચારો નોકર એટલે તમે હાથ ઉપાડ્યો, હમણાં જ જઈને એની માફી માગો. સ્વામી જેવા સ્વમાનીથી આ કેમ બને ? બાપુએ જોયું કે સ્વામી માફી માગવા તૈયાર નથી. એટલે બોલ્યા; 'કરેલા અન્યાયનો ડાઘ ધોઈ ન શકો તો તમારે મારો સંગ છોડવો



જોઈશે.' બિચારા સ્વામી શું કરે? સીધા જઈને રસોઈયાની માફી માગી આવ્યા.

★

## ॥ આજ્ઞા-પાલન ॥

'અખિલ ભારત ગ્રામોદ્યોગ સંઘ'ની સ્થાપના કરી ત્યારે તેને વ્યવસ્થિત રૂપ આપવા બાપુ પોતે મગનવાડીમાં રહેતા હતા. તે વખતે ત્યાંનું બધું કામ ત્યાં રહેતા માણસોએ જ વહેંચી લેવાનું હતું.

એકવાર બાપુજી અને કુમારપ્પાને ભાગે રસોડાનાં વાસણો માંજવાનું કામ આવ્યું. બંને હોંશભેર મંડી પડ્યા. પણ બાને એ વાતની ખબર પડતાં જ ત્યાં પહોંચી ગયાં બાપુને ઠપકો આપ્યો; 'અરે, આ કામ સિવાય તમારા જેવાને કંઈ બીજો ધંધો છે કે નહિ ? ઘણાં જરૂરી કામો તમારે કરવાનાં છે તે કરોને !'

પણ બાપુ તો બાનો આ મીઠો ઠપકો સાંભળીને હસતા હસતા વાસણ માંજ્યે જતા હતા. આ જોઈને બા વધારે ચિડાયાં અને બાપુના હાથમાંથી વાસણ ઝૂંટવી લીધું. બાપુના હાથમાં નાળિયેરીનું છોડું જ રહી ગયું ! બાપુ હસતાં હસતાં કુમારપ્પાને કહેવા લાગ્યા : 'તમે ખરેખર સુખી માણસ છો. કારણ કે તમારા પર રાજ કરવા તમારે પત્ની નથી. પણ મારે તો મારા ઘરની શાંતિ જાળવવા માટે બાની આજ્ઞાનું પાલન કરવું જ રહ્યું ! તેથી તમારા કામમાં સાથીદાર તરીકે બાને મૂકી જાઉં તો તમે મને ક્ષમા કરજો.'

**—મુકુલ કલાર્થી**

★

## ॥ હીરાને કથીરથી કાં મઢો ? ॥

ફીનીક્સ આશ્રમથી અગિયારેક માઈલ દૂર વેરૂલમમાં એક લક્ષ્મીનારાયણનું મંદિર બાંધવામાં આવ્યું હતું. ગાંધીજીને તેનું ઉદ્‌ઘાટન કરવા બોલાવ્યા. સાથે સૌ આશ્રમવાસીઓ આવે અને તેમનું રેલભાડું પણ પોતે આપશે એમ કહ્યું. ત્યારે ગાંધીજીએ એમની ન્યારી રીતે હસીને કહ્યું; 'અમે રેલભાડું લઈશું પણ આવીશું ચાલતા. ભાડાની બચત સંસ્થા ખાતે જમા થશે. મંદિરના ઉદ્‌ઘાટનનાં ચાંદીનાં તાળાંકૂંચી ગાંધીજીને આપવામાં આવ્યાં અને સાથે સાથે એમને સોનાના પતરાથી મઢેલું 'ગીતા'નું પુસ્તક ભેટ આપવામાં આવ્યું.'

ગાંધીજીએ ભેગા થયેલા સમુદાય આગળ હૃદય ઠાલવ્યું : આ ચાંદીનાં તાળાંકૂંચી અને સોને મઢેલી 'ગીતા' તમે મને આપ્યાં અને મારી ચિંતામાં ઉમેરો કર્યો છે. હું એ બધું ક્યાં રાખીશ ? આ તો હીરાને કથીરથી મઢીને આપવા જેવું થયું છે. 'ગીતા' પોતે ઝગમગતું રત્ન છે. સોના જેવી જડ વસ્તુથી એની શી શોભા વધવાની હતી ? હવે આ 'ગીતા'ને હું મારી પાસે નહિ રાખી શકું. કોઈ લઈ ન જાય એની કાળજી મારે રાખ્યા કરવી પડશે. 'ગીતા' તો અનાસક્તિ શીખવે છે. અને તમે તો મને આસક્તિમાં નાખ્યો ! પણ હું તો હવે પાવરધો થયો છું. તેનો રસ્તો કરી લઈશ.

એ ચાંદી ને સોનાની રકમ ઉપજાવીને ફીનીકસ આશ્રમને ખાતે જમા કરાવી ગાંધીજી તો હતા તેવા-તેથીએ વધુ હળવા થયા.

**—સૌજન્ય**

**સંપાદક : શ્રી મહેન્દ્ર મેઘાણી**

**(ગાંધી-ગંગા)**



# ॥ સત્ય એ જ પરમેશ્વર ॥

જેના તન-મન-પ્રાણમાં સત્યની પ્રતિષ્ઠા થઈ જાય છે એ પાત્ર શુદ્ધ થઈ જાય છે, એનો પ્રકાશ પોતાની મેળે ફેલાય છે. એના સમગ્ર જીવનનું આકલન-સમજ આપોઆપ આયોજિત થઈ જાય છે. એના વર્તમાનમાં જ સનાતન કાળનું ઐશ્વર્ય પ્રગટ થાય છે.

એટલે જ તા.૨ જી ઑક્ટોબર ૧૮૬૯માં પોરબંદરમાં જન્મેલો મોહન આજે ૨૦૨૦ની બીજી ઑક્ટોબરે એના અસ્તિત્વની શાશ્વતીની સુગંધ પ્રસારતા મહાત્મા તરીકે કરોડો વિશ્વવાસીઓના હૃદયને ભરી દે છે.

સત્યાચરણનું જીવંત દૃષ્ટાન્ત બનેલા ગાંધીજીનું આત્મબળ, એમના જીવનનો પ્રસાદ-સંતુલન અનેકાનેકમાં સંક્રાન્ત થઈ, કંઈ કેટલાય જીવનનું પરિવર્તન કરી રહે છે.

'સત્યના પ્રયોગો' આત્મકથામાં તેઓશ્રી સ્પષ્ટ કહે છે : 'હું સત્યરૂપી પરમેશ્વરનો પૂજારી છું. એ એક જ સત્ય છે, બીજું બધું મિથ્યા છે. એ સત્ય મને જડતું નથી. હું એનો શોધક છું. એ શોધવાને અર્થે જે વસ્તુ મને પ્રિયમાં પ્રિય હોય તેનો ય ત્યાગ કરવા તૈયાર છું. એ શોધરૂપી યજ્ઞમાં આ શરીરને હોમવાની તૈયારી, શક્તિ છે એવો વિશ્વાસ છે. પણ એનો સાક્ષાત્કાર ન કરું ત્યાં સુધી મારો અંતરાત્મા જેને સત્ય ગણે છે તેને આધાર ગણી, દીવાદાંડી ગણી, તેને આશ્રયે મારું જીવન હું વ્યતીત કરું છું. સત્યની શોધનાં સાધનો જેટલાં કઠણ છે. તેટલાં જ સહેલાં છે. એ અભિમાનીને અશક્ય લાગે અને નિર્દોષ બાળકને શક્ય લાગે. કેમકે સત્યના શોધકને રજકણથી પણ નીચે રહેવું પડે છે. જગત આખું રજકણને કચડે છે. પણ સત્યનો પૂજારી તો રજકણ સુદ્ધાં તેને કચડી શકે એવો

અલ્પ ન બને ત્યાં સુધી સત્યની ઝાંખી પણ દુર્લભ છે.'

'"સત્યના પ્રયોગો"માં વાંચનારને અભિમાનનો ભાસ આવે તો તેણે અવશ્ય સમજવું કે મારી શોધમાં ખામી છે. તે મારી ઝાંખીઓ તે ઝાંઝવાના નીર સમાન છે.'

'ભલે મારા જેવા અનેકોનો ક્ષય થાઓ પણ સત્યનો જય થાઓ. અલ્પાત્માને માપવાને સારું સત્યનો ગજ કદી ટૂંકો ન બનો.'

જે માપથી હું મારું પોતાનું માપ કરવા ઇચ્છું છું. તે પ્રમાણે તો હું અવશ્ય કહું કે;

**'મો સમ કૌન કુટિલ ખલ કામી ?**
**જિન તનુ દિયો તાહિ બિસરાયો.'**

—જેને હું મારા શ્વાસોચ્છ્‌વાસનો સ્વામી ગણું છું, તેનાથી હજીયે દૂર છું. એ મને પ્રતિક્ષણ સાલે છે. એ કારણરૂપ મારા વિકારને હું જોઈ શકું છું પણ એને હજીયે કાઢી શકતો નથી. સાચે જ સત્યાચરણથી જ એમને એનાયત થયેલાં આયુષ્યનાં વર્ષોમાં એમને અમરતાનો અનુભવ થયેલો, એમાં જ એમણે મુક્તિ અનુભવી. કેમકે એમની ચેતના કુંઠા-અવરોધો-તણાવ-ભયથી મુક્ત હતી. ભૂતની સ્મૃતિ અને ભવિષ્યની કલ્પનાથી મુક્ત હતી. તેથી તેમનું પ્રત્યેક આચરણ પણ એવું મુક્ત હતું. મૃત્યુની ક્ષણ સુધી ચિર સાવધાનતા-અવધાનનું તપ કરનાર હતા મહાત્મા ગાંધી !

ગાંધીજીએ કહ્યું જ હતું કે, 'સામી છાતીએ ગોળી ખાઈને મરું અને મરતી વખતે મારા મુખેથી રામનામ નીકળે તો માનજો કે મેં સત્ય અને અહિંસાની સાધના કરી છે. નહિ તો નહિ.'

ગાંધીજીએ સામી છાતીએ ગોળી ખાધી અને મરતી વખતે મુખમાંથી 'હે રામ !' જ નીકળ્યું.

**—સંકલન**



# ॥ રામચરિતમાનસની રચના ॥

તુલસીકૃત રામાયણના સંબંધમાં એક સરસ હૃદયંગમ દંતકથા છે કે, તુલસીદાસજીએ અક્ષત રામાયણના પુસ્તકને કાશીમાં વિશ્વનાથના મંદિરમાં રાખ્યું. સવારે મંદિર ખોલવામાં આવ્યું. તો પુસ્તક પર સત્યં શિવં સુંદરમ્ લખેલું અને નીચે ભગવાન શંકરની સહી હતી !

એ જાણીને કાશીના સંસ્કૃતપ્રેમી પંડિતો રોષે ભરાયા ને ઈર્ષાથી પ્રેરાઈને તુલસીદાસની નિંદા કરવા લાગ્યા. એમણે એ પુસ્તકને ચોરી જવાની તરકીબ કરી પરંતુ એમાં સફળતા ના મળી ત્યારે એ વખતના પ્રકાંડ પંડિત શ્રી મધુસૂદન સરસ્વતીને એનું અવલોકન કરવા અને સમુચિત અભિપ્રાય આપવા પ્રાર્થના કરી. એ પુસ્તકના પરિશીલનથી અત્યંત આનંદાનુભવ કરીને એમણે અનોખો અભિપ્રાય આપતાં જણાવ્યું કે કાશીરૂપી આ આનંદવનમાં તુલસીદાસ તુલસીના જંગમ છોડ જેવા છે. એની કવિતામંજરી રામરૂપી ભ્રમરથી ભૂષિત બનીને શોભી રહી છે.

પરંતુ ઈર્ષાળુ જનને બીજાની પ્રશસ્તિથી પ્રસન્નતા ના થાય. પંડિતોને પણ પ્રસન્નતા ના થઈ. એટલે એમણે એક બીજો ઉપાય શોધી કાઢ્યો. ભગવાન વિશ્વનાથના મંદિરમાં સૌથી નીચે રામચરિતમાનસને રાખીને એની ઉપર પુરાણ, બીજાં શાસ્ત્રો તથા વેદગ્રંથોને મૂક્યા. સવારે મંદિરને ઉઘાડીને જોવામાં આવ્યું તો સૌના વિસ્મય વચ્ચે સૌ ગ્રંથોની નીચે મૂકેલો રામાયણ ગ્રંથ સૌની ઉપર રાખવામાં આવેલો. એ પ્રસંગે પંડિતોનું હૃદયપરિવર્તન કર્યું. એમણે તુલસીદાસજીની ક્ષમા માગી, તુલસીદાસજી પ્રત્યેનો એમનો દ્વેષભાવ પવિત્ર પ્રેમભાવમાં પલટાઈ ગયો.

એ દંતકથા સાચી હોય કે ના હોય તો પણ એક વાત તો છેક જ શંકારહિત છે કે તુલસીદાસજીએ રામાયણની લોકભાષામાં રચના કરીને મહાન કલ્પનાતીત કલ્યાણકાર્ય કર્યું છે. એ જમાનામાં સુપ્રસિદ્ધ વાલ્મીકિરામાયણ તો હતું જ પરંતુ સંસ્કૃત ભાષાનું પ્રચલન પૂરતા પ્રમાણમાં ન હતું. રામકથાનો શાશ્વત શ્રેયસ્કર સંદેશ ઘેરેઘેર, જનતાના હૃદય સુધી પહોંચાડવો હોય તો એને જનસાધારણની ભાષામાં રજૂ કરવાની અનિવાર્ય આવશ્યકતા હતી. એ આવશ્યકતાની પૂર્તિ માટે તુલસીદાસ સરખા સંનિષ્ઠ રામપ્રેમી ભક્તકવિ અન્ય કોણ હોઈ શકે ? શ્રીરામે એમના પર પોતાની પસંદગી ઉતારી. ત્યારથી આરંભીને આજસુધી એમની રામકથાએ કરોડોનું કલ્યાણ કર્યું છે, એ કથા કરોડોના કાળજાની કામિની બની છે, એવું કહીએ તો એમાં અલ્પ પણ અતિશયોક્તિ નથી થતી. સંસ્કૃતની સ્વર્ગલોકમાં સમાયેલી રામાયણની રસગંગાને તુલસીદાસે લોકભોગ્ય ભાષામાં વહેતી કરીને સર્વસુલભ કરી દીધી, ભારતીય સંસ્કૃતિ એને માટે એમની ચિરકાળ સુધી, યાવચ્ચંદ્રદિવાકરૌ, જ્યાં સુધી રામકથાની રુચિ અને રામ તથા સીતાનાં નામ રહેશે ત્યાં સુધી, ઋણી રહેશે એ કલ્યાણકાર્યને કાજે એમનાં જેટલાં પણ ગુણગાન ગાઈએ એટલાં ઓછાં છે.

તુલસીદાસજીએ રામાયણની રચના કરીને કળિયુગના દોષોથી દૂર રહેવાની, ઈશ્વરમય બનવાની, અને ધર્મ તેમજ નીતિની મર્યાદામાં રહીને આદર્શ જ્યોતિર્મય જીવન જીવવાની પ્રેરણા અથવા પગદંડી પૂરી પાડી છે. એ કિંમતી કલ્યાણકાર્યને બિરદાવતાં બેની કવિએ બરાબર જ કહ્યું છે કે



**વેદમત સોધિ, સોધિ-સોધિ કૈ પુરાન સબૈ**
**સંત ઔ અસંતનકો ભેદ કો બતાવતો,**
**કપટી કુરાહી કૂર કલિ કે કુચાલી જીવ;**
**કૌન રામનામ હૂકી ચરચા ચલાવતો,**
**'બેની' કવિ કહૈ માનો-માનો હો પ્રતીતિ યહ**
**પાહન-હિયેમેં કૌન પ્રેમ ઉપજાવતો,**
**ભારી ભવસાગર ઉતારતો કવન પાર**
**જો પૈ યહ રામાયન તુલસી ન ગાવતો.**

એનો ભાવાર્થ સ્પષ્ટ છે છતાં પણ એના અનુસંધાનમાં આપણે એક અગત્યની વાત તરફ અંગુલિનિર્દેશ કરતાં કહીશું કે રામાયણ કેવળ સંસારસાગરને પાર કરવા માટે મદદરૂપ બને છે એવું નથી સમજવાનું. જે આ સંસારમાં સારી રીતે જીવવા અને સુખશાંતિ મેળવવા તથા આત્મિક ઉન્નતિના શિખરોને સર કરીને પરમાત્માના પ્યારા કે પરમકૃપાપાત્ર થવા માગતા હોય તેમને માટે પણ આશીર્વાદરૂપ અને ઉપયોગી ઠરે છે. જીવનને નીતિ અને સદાચારથી ભરવાની, માનવતાનાં મૂલ્યોથી મંડિત કરવાની, અને સૌની અંદર તેમ જ બહાર રહેલ રામની પ્રેમભક્તિથી રંગાઈને એમનાં ચરણોમાં સમર્પિત થવાની પ્રેરણા પાય છે. ઘર, કુટુંબ, રાષ્ટ્ર તથા વિશ્વજીવનને સુમધુર અને સંવાદી કરવાની દીક્ષા આપે છે. જીવતાં જ દુર્ગતિ પામતા ને પામેલા કુકર્મી માનવોને સત્કર્મપરાયણ બનાવીને સદ્‌ગતિ પ્રદાન કરે છે. એજ એની વિશેષતા છે. એનો આધાર લઈને, એની કથાઓ કરીને કે સાંભળીને રોજિંદા જીવનને કામમાંથી મુક્ત કરીને રામમય ના બનાવી શકાયું તો શું કામનું ? રામાયણ રામમય થવા કે રામના બનવા માટે છે.

મહર્ષિ વાલ્મીકિ અને સંત તુલસીદાસ બંને રામભક્ત છે પરંતુ બંનેની દૃષ્ટિ જરાક અનોખી છે. તુલસીદાસ રામને માનવ નથી માનતા પરબ્રહ્મ પરમાત્મા માને છે. પરમાત્મા પોતે જ રામરૂપ લઈને જગતના પરિત્રાણ માટે પાર્થિવ પૃથ્વી પર પધાર્યા છે એવું એમનું મંતવ્ય છે. એમના રામચરિતમાનસમાં એ મંતવ્ય ઠેરઠેર જોવા મળે છે. મહર્ષિ વાલ્મીકિ રામને પરમાત્માતુલ્ય માને છે. ખરા, એવી રીતે માનીને એમની પ્રશસ્તિ પણ કરે છે, પરંતુ એમને આદર્શ સદ્‌ગુણોના સમુચ્ચયરૂપ મહામાનવ જાણે છે.

સંતશિરોમણિ તુલસીદાસજી પોતાના રામચરિતમાનસનો આરંભ એકદમ અનોખી રીતે કરે છે. એમનો આરંભ આકર્ષક; આહ્‌લાદક કાવ્યાત્મક અને સુંદર લાગે છે. બાલકાંડની શરૂઆતમાં જ સીતા તથા રામને મનોમન વંદન કરતાં એ જે ઉદ્‌ગારો કાઢે છે તે જ સૂચવે છે કે એમને મન એ બંને કોઈક સર્વસામાન્ય કે અસામાન્ય માનવપાત્રો નથી. સીતા રામની ધર્મપત્ની બનીને પાર્થિવ પૃથ્વી પર પ્રકટી છે ખરી પરંતુ સર્વકલ્યાણકારિણી ભવદુઃખહારિણી પરમશક્તિ છે. એ મહાશક્તિએ જ એનું સ્વરૂપ પોતાના પૂર્વયોજિત અભિનયને અદા કરવા માટે ધારણ કર્યું છે. રામ પણ કોઈ સાધારણ માનવ નથી. એ સાક્ષાત્ પરમાત્મા છે. હરિ છે. પૃથ્વીના પરિત્રાણમાટે સ્વેચ્છાપૂર્વક શરીર ધારીને પધાર્યા છે. પોતાની એ શ્રદ્ધાભક્તિયુક્ત સ્વાનુભૂતિપૂર્ણ માન્યતાને વાચા આપતાં એ લખે છે કે ''સંસારના સર્જન, પાલન તથા વિસર્જનને કરનારી, ક્લેશમાંથી મુક્તિ આપનારી, સર્વ પ્રકારે શ્રેય સાધનારી, રામની પ્રિયતમા સીતાને નમસ્કાર કરું છું. જેમની માયાથી બ્રહ્માદિ



દેવો, અસુરો અને અખિલ વિશ્વ પ્રભાવિત છે; રજ્જુમાં સર્પનો ભ્રમ થાય તેવી રીતે આ સંપૂર્ણ જગત જેમની અંદર મિથ્યા ભાસે છે; સંસારસાગરને તરવાની ઈચ્છાવાળા માનવોને માટે જેમનાં ચરણ એકમાત્ર સલામત નૌકારૂપ છે; તે સર્વ પ્રકારના કારણથી રહિત સર્વશ્રેષ્ઠ રામ નામના ઈશ્વર અથવા હરિને વંદું છું.''

રામના મૂળ સ્વરૂપ જેવા ભગવાન વિષ્ણુની પ્રેમપૂર્ણ પ્રશસ્તિ કરતાં એ પછી એ પોતાની સર્વસુલભ લોકભોગ્ય ભાષામાં જણાવે છે કે જેમની કૃપાથી મૂંગાને બોલવાની શક્તિ સાંપડે છે અને પાંગળો પ્રખર પર્વતપંક્તિને ઓળંગી શકે છે તે કલિકાળનાં સકળ દૂષણોને દૂર કરનારા દીનદયાળ પ્રભુ મારા પર કરુણા કરો. ક્ષીરસાગરમાં શયન કરનારા, નીલ કમળ જેવા શ્યામ શરીરવાળા, બાળસૂર્યના જેવા કમળલોચનના ભગવાન સદાને માટે મારા હૃદયમાં વાસ કરો.

**મૂક હોઈ વાચાલ; પંગુ ચઢઈ ગિરિબર ગહન,**
**જાસુ કૃપા સો દયાલ દ્રવઉ સકલ કલિમલદહન.**
**નીલ સરોરુહ શ્યામ તરુન અરુન બારિજ નયન,**
**કરઉ સો મમ ઉર ધામ સદા છીર સાગર સયન.**

મંગલાચરણમાં તુલસીદાસજી ગુરુ પ્રત્યેના પોતાના પ્રેમ અને પૂજ્યભાવને પ્રકટ કરતાં કહે છે કે ગુરુ કોઈ સામાન્ય માનવ નથી પરંતુ કૃપાના સિંધુ છે, માનવરૂપમાં હરિ છે. મહામોહમય અંધકારના સમૂહનો અંત આણવા માટે એમનાં વચન સૂર્યકિરણોના સમૂહનું કામ કરે છે.

**વંદઉ ગુરુપદકંજ કૃપાસિંધુ નરરૂપ હરિ,**
**મહામોહતપુંજ જાસુ બચન રબિકરનિકર.**

મંગલાચરણમાં ગણેશને, ભગવાન શંકર તથા પાર્વતીને, સરસ્વતીને અને હનુમાનને અત્યંત અનુરાગ અને આદરભાવપૂર્વક વંદન કરીને તુલસીદાસજી આગળ વધે છે. પ્રત્યેક કાર્ય પરમાત્માનું સ્મરણ કરીને કરવામાં આવે તો અનેરો આનંદ આપે છે, સુંદર બને છે. અને ઉદાત્ત ઠરે છે એ કાર્યનું મહત્ત્વ વધી જાય છે. સારું કામ પરમાત્માના સ્મરણથી વધારે સારું થાય છે અને ખરાબ કામ હોય છે તો શરૂઆતમાં પરમાત્માનું સ્મરણ કરવાથી કરવાનું મન જ નથી થતું, બુદ્ધિ સુધરે છે, નિર્મળ બને છે, અને સત્યવતી થવા માંડે છે. એટલા માટે પ્રત્યેક કાર્યનો પ્રારંભ પ્રાર્થનાથી કરીએ એ સારું છે. એથી નમ્રતા આવે છે અને ઈશ્વરપરાયણતા વધે છે. મન સ્વચ્છ તથા શાંત બનીને પરમાત્માની પવિત્ર પ્રેરણાને ઝીલવાનું સામર્થ્ય મેળવે છે. પ્રાતઃસ્તવનની પદ્ધતિનો પ્રારંભ પણ આપણે ત્યાં એટલા માટે જ થયેલો છે પ્રભાતે વહેલા ઊઠીને બીજું કોઈ પણ કાર્ય કરતાં પહેલાં પ્રાર્થના કરવાની ટેવ પાડવી જોઈએ. એ ટેવ અતિશય આશીર્વાદરૂપ અને લાભકારક છે.

તુલસીદાસજી સદ્‌ગુરુને તથા સંતને વિસ્તારથી અંજલિ આપીને પરમ પ્રેમપૂર્વક પૂજ્યભાવે પ્રણામ કરે છે. એમના અમોઘ આશીર્વાદની કામના કરે છે અને એમની મદદ માગે છે. સંતોની અસાધારણ શક્તિથી એ સુપરિચિત છે એ સ્વયં જે કાંઈ છે તે સંતોના અને એમના આરાધ્યદેવ પરમાત્માના પરમ અનુગ્રહને લીધે જ છે. જીવનના શૈશવકાળમાં, આશરે સાડા પાંચ વરસ જેટલી વયમાં, એ અનાથ જેવા થઈ ગયેલા ત્યારે રામશૈલ પર રહેનારા શ્રી અનંતાનંદજીના પ્રિય શિષ્ય શ્રી નરહર્યાનંદજીએ એમને આશ્રય આપેલો. અયોધ્યા લઈ જઈને



યજ્ઞોપવિત સંસ્કારથી સંપન્ન બનાવી, રામમંત્રની દીક્ષા આપીને વિદ્યાભ્યાસ કરાવેલો. પાછળથી સૂકરક્ષેત્રમાં લઈ જઈને એમણે એમને રામાયણ પણ સંભળાવેલું. કાશીમાં શેષ સનાતનજીની સંનિધિમાં રહીને પંદર વરસ સુધી વેદવેદાંગોનું અધ્યયન કરેલું. એવી રીતે જીવનના ઉષઃકાળથી જ એમના પર સંતસમાગમના સુદૃઢ સંસ્કારો પડેલા. એ ઉત્તરોત્તર વધતા રહેલા. એટલે જ સંતપુરુષોના મંગલમય મહિમાને ગાતાં એમને તૃપ્તિ નથી થતી.

સંતપુરુષો જંગમ તીર્થરાજ જેવા છે. એમનાં દર્શન, સંભાષણ અથવા સમાગમથી માનવ પવિત્ર બને છે. એ પોતે તો મહિમાવાળા હોય છે જ પરંતુ બીજાને પણ મહિમા પ્રદાન કરે છે. એમનો સંગ અથવા સત્સંગ સદાય કલ્યાણકારક ઠરે છે એ માનવના સુષુપ્ત શુભ સંસ્કારોને જગાડવાનું ને વધારવાનું કામ કરે છે. સંતની ઓળખાણ બહારના દેખાવ પરથી નથી થતી. બહારના દેખાવ પરથી થયેલી ઓળખાણ કોઈકવાર ઠગારી, ભ્રામક અને ગેરરસ્તે લઈ જનારી થઈ પડે છે. સંતની ઓળખાણ અંદરથી, એમની અંદરના ગુણો, ભાવો તથા વિચારો પરથી, એમની આંતરિક યોગ્યતા પરથી થવી જોઈએ. એવી ઓળખાણ સાચી અથવા આદર્શ નીવડે છે. સંત શુદ્ધ હોય છે, સાત્ત્વિક હોય છે, સદ્‌ગુણી-સદ્‌વિચારશીલ-સત્કર્મી હોય છે, શાંત હોય છે, એની અંદર વાસના તથા વિકારોનાં તાંડવ-નૃત્યો નથી થતાં. એ અનાત્મ પદાર્થોમાં કે પ્રકૃતિમાં રસ નથી લેતો; આત્મા અથવા પરમાત્મામાં રસ લેતો હોય છે. એવો સંતપુરુષ સદાય વંદનીય છે. સ્તુત્ય છે. પૃથ્વીપર એ પરમાત્માનું પ્રતિનિધિત્વ કરે છે ને બીજાને સુખશાંતિ આપવાની સાથેસાથે પરમાત્માનો માર્ગ બતાવે છે. એ કોઈનું પણ અહિત નથી

કરતો. કપાસના છોડની પેઠે તાપ વેઠે છે, કષ્ટ સહે છે, છતાંપણ બીજાના શરીરને ઢાંકવા માટેના વસ્ત્રના નિર્માણમાં નિમિત્ત બને છે.

**સાધુચરિત સુભ ચરિત કપાસ**
**નિરસ બિસદ ગુનમય ફલ જાસુ**
**જો સાહિ દુઃખ પરછિદ્ર દુરાવા**
**વંદનીય જેહિં જગ જસ પાવા**

સંતપુરુષો-અહંતા-મમતા-આસક્તિ તથા ક્ષુલ્લક રાગદ્વેષથી રહિત સાચા સંતપુરુષો, ઈશ્વરના દૂતો જેવા છે એ ગમે તે સ્થળમાં કે સમયમાં ઈશ્વરનું કાર્ય જ કરતા હોય છે. ઈશ્વરને લીધે એમનો મહિમા વધે છે અને એ પણ પોતાના જીવન દ્વારા ઈશ્વરના મહિમાને વધારવા માટે બનતું બધું જ કરી છૂટે છે. એ એમનો સહજ સ્વભાવ બની જાય છે અને એમ કરવામાં એમને અપાર આનંદ આવે છે. પરમાત્માના પરમકૃપાપાત્ર અથવા પરમાત્માની પરિપૂર્ણ કૃપાને પામવાનો પ્રામાણિક પ્રયત્ન કરનારા એવા પરમાત્માપ્રેમી સંતપુરુષોના સ્વર્ગીય સમાગમનો દેવદુર્લભ લાભ જેને તેને ને જ્યારે ત્યારે સાંપડી નથી શકતો. એમનાં દર્શન દુર્લભ હોય છે. પૂર્વનો મહાન પુણ્યોદય કે પરમાત્માની પરમકૃપા હોય તો જ એમના દર્શન તથા સત્સંગનો લાભ મળી શકે.

એવા સંતોના સમાગમથી સર્વપ્રકારે કલ્યાણ થાય છે એમની સત્સંગસરિતામાં સુખપૂર્વક સ્નાન કરવાથી માનવનું જીવન બદલાઈ જાય છે. કાગડાની પેઠે કટુ ભાષણ કરનારા અને અશુભ વિષયોની અભિરુચિવાળા માનવો કોયલ જેવા મધુભાષી



અને શુભ વિષયોની અભિરુચિવાળા બને છે, અને બગલાની પેઠે દાંભિક હોય છે તે દંભને પરિત્યાગીને હંસ જેવા નીરક્ષીરને સમજનારા અથવા સત્યાસત્યને, શુભાશુભને, શ્રેયપ્રેયને ને બંધનમોક્ષને જાણનારા બની રહે છે. બગલાની પેઠે એ અનાત્મ પદાર્થોની કે પ્રકૃતિના વિષયોની પ્રીતિ નથી કરતા, રસવૃત્તિ નથી રાખતા, અથવા એવા મત્સ્યાદિમાં આસક્ત નથી થતા. એ તો પરમાત્માના પવિત્રતમ પ્રેમનો અથવા આત્મજ્ઞાનનો જ અલૌકિક મોતીચારો ચરનારા પરમહંસ અથવા રાજહંસ બને છે.

**મજ્જનફ્લ પેખિઅ તત્કાલા,**
**કાક હોહિં પિક બકઉ મરાલા.**

સંતોનો પ્રત્યક્ષ કે પરોક્ષ એક અથવા બીજી રીતે સત્સંગ કરતાં તો વરસો વીતી ગયાં, પરંતુ એને પરિણામે કાગડામાંથી કોયલ તથા બગલાને બદલે રાજહંસ બનાયું કે નહિ, જરૂરી જીવનપરિવર્તન સધાયું કે ના સધાયું, તે શોધી કાઢવાનું છે. સત્સંગ શોખમાટે નથી, જીવનના સુધાર માટે છે. સમયને પસાર કરવા નથી, સુધારવા માટે છે, એ યાદ રાખવાનું છે, યાદ રાખીને બેસી રહેવાનું નથી પરંતુ જીવનસુધારના ક્ષેત્રમાં આગળ વધવાનું છે.

રામચરિતમાનસના આરંભમાં સંતોનો વિરોધ અથવા સંતોની નિંદા કરનારા અને સંતો પ્રત્યે અકારણ દ્વેષ રાખનારા દુર્જનોને પણ વંદન કરવામાં આવે છે. એ સ્વપ્ને પણ બીજાના હિતની કલ્પના નથી કરી શકતા. બીજાનું સુખ જોઈને દુઃખી થાય છે અને બીજાને દુઃખી થતા જોઈને આનંદ પામે છે. એ કોઈનું

સારુ નથી કરી શકતા. સંતો તથા સજ્જનોને જોઈને જલવા માંડે છે. સવાર પડે છે ને એમને એજ વિચાર આવે છે કે બીજાનું કેવી રીતે બગાડી શકાય. બીજાનાં વખાણ કરવાની વાત તો દૂર રહી, બીજાનાં વખાણ સાંભળવાનું પણ એમને નથી ગમતું. એ આસુરી સંપત્તિના, દોષ-દુર્ગુણ-દુર્ભાવ-દુર્વિચાર તથા દુષ્કર્મના સ્વામી હોય છે.

માનવે દુર્જનમાંથી સજ્જન બનવાનું છે અને સજ્જનમાંથી આગળ વધીને સંત થવાનું છે.

સંસારમાં એકલા સજ્જનો નથી તથા કેવળ દુર્જનો પણ નથી. એ બંનેનું સંમિશ્રણ છે. એમના પ્રમાણમાં ભલે ફેર પડે પરંતુ એ રહેવાના તો ખરાજ. સંસારનું સ્વરૂપ જ ત્રિગુણાત્મક હોવાથી એમાં શુભાશુભનું અસ્તિત્વ રહેવાનું. સાગરમાં મોતીની સાથે છીપલાં પણ પેદા થવાનાં આપણે પોતે કેવા બનવું છે, સજ્જન કે દુર્જન એ નક્કી કરવાનું છે. એવા નિર્ણયથી અને તદ્‌નુસાર પુરુષાર્થથી જ લાભ થઈ શકે તેમ છે સંસારમાં કોઈને દુર્જન બનવાનું તો નહિ જ ગમે. માનવ મૂળભૂત રીતે ખરાબ નથી પરંતુ સારો છે એનો આત્મા અલૌકિક અને ઉદાત્ત છે. એ અલૌકિકતા અને ઉદાત્તતા ઢંકાયેલી છે એટલું જ. એને બહાર કાઢવાની કે પ્રકટાવવાની છે. બધા જ માનવો એને પ્રકટાવવાનો, દુષ્ટતામાંથી મુક્તિ મેળવવાનો ને સજ્જન થવાનો સંકલ્પ તથા પ્રયત્ન કરે તો સંસાર બદલાઈ જાય અને વધારે સુખમય થાય.

**–શ્રી યોગેશ્વરજી**

**(શ્રીરામકથામૃત)**



# ॥ માતાજી જ્યોર્તિમયી ॥

મહાત્મા યોગેશ્વરજીનું અણમોલ પ્રદાન એટલે જડાવબહેનનું ‘માતાજી જ્યોતિર્મયી’માં રૂપાંતર ! તેઓશ્રી તેમની આંતર્દૃષ્ટિથી જોઈ શકેલા કે, ‘માતાજી કોઈ સામાન્ય સાંસારિક માનવી ન હતાં કિન્તુ અધ્યાત્મરંગે રંગાયેલા પરમાત્માપ્રેમી તપસ્વિની હતાં.’

ગામડામાં જન્મેલાં - રહેલાં, ગુજરાતી ચાર ચોપડી જેટલું ભણેલાં, યુવાનીના આરંભમાં જ વૈધવ્ય આવતાં આર્થિક અભાવ તેમ જ સંસારનાં સંકટો સહેતાં શ્રી યોગેશ્વરજીનાં માતાજી જડાવબહેનમાં ઈશ્વરપ્રેમ, સંતસેવાભાવ ને ધર્માનુરાગ પહેલેથી જ હતાં. એટલે જ જૂના સંસ્કાર તેમ જ વિચારને શુદ્ધ કરી પુત્ર યોગેશ્વરે અપનાવેલા અધ્યાત્મમાર્ગને તેઓ સમજણપૂર્વક સ્વીકારી શકેલાં અને હિમાલયના વનપ્રદેશોમાં તેમ જ ઈંગ્લૅન્ડ-અમેરિકા-કૅનેડામાં યોગેશ્વર સાથે રહી; પોતાના પ્રેમ-સૌજન્યભર્યા વ્યવહારથી બધાનાં આત્મીય બની ઉજ્જવળ જીવન જીવી પ્રભુપ્રાપ્ત ‘જ્યોતિર્મયી’ નામાભિધાન સાર્થક કરી શકેલાં.

શ્રી યોગેશ્વરજીએ પણ માતાજીને ક્રમે ક્રમે પોતાની સાધનાથી સુપરિચિત કરી, પોતાના હિમાલયનિવાસ પાછળના ઉદાત્ત અસાધારણ આદર્શની ઓળખ કરાવેલી. એટલે જ તેઓ કદી અંતરાયરૂપ ન બનતાં સતત શાન્ત સહયોગ ધરતાં એમની સાથે અનેક અગવડો વેઠીને પણ રહેલાં.

દેવપ્રયાગ અને હૃષીકેશમાં માતાજી ગીતાઉપનિષદના

શ્લોકો શુદ્ધ રીતે બોલતાં ને સમજતાં શીખેલાં. શ્રી યોગેશ્વર પાસે જપ અને ધ્યાનની વિધિ પણ શીખ્યાં. માતાજી પોતાની સાધનાના મૂક પ્રેક્ષક જ ન રહે, એ પણ અધ્યાત્મમાર્ગે ગતિ કરે એવા પ્રયત્નો શ્રી યોગેશ્વરજીએ કરેલા.

શ્રી યોગેશ્વરજીને બે ઇચ્છા હતી એક તો માતાજીનો આત્મા રાગદ્વેષરહિત બની પરમાત્મામય રહે અને બીજુ પોતાની સંનિધિમાં જ એમનો દેહ શાન્ત થાય. એમની બંને ઇચ્છાઓ પૂરી થઈ.

માતાજી જ્યોતિર્મયીની સ્વર્ગવાસ તા.૪-૧૦-'૮૦ના શનિવારે ભાવનગરની સિવિલ હૉસ્પિટલમાં શ્રી યોગેશ્વરજીની સંનિધિમાં જ થયો.

તા.૧૬-૯'-૮૦ની રોજ માતાજીના શક્તિના ઈંજેક્શનના પાક પર તાત્કાલિક ઑપરેશન કરવું પડેલું. વૃદ્ધાવસ્થા, ડાયાબિટીસ, ઑપરેશનના દર્દની અસહ્ય વેદના એમને દિવસો સહન કરવી પડી. છતાં શાન્તિથી પથારીમાં સૂઈ રહેતાં. કોઈ ફરિયાદ ન કરતાં. શ્રી 'મા' સર્વેશ્વરીએ પણ પેટની દીકરી પણ ન કરે એવી એમની સેવા કરી. મળમૂત્રને સાફ કરવાથી માંડીને, શરીરે તેલ ચોળવું, પાઉડર છાંટવો અને સૌથી વિશેષ તો એમને પ્રસન્ન રાખવા પ્રેમપૂર્ણ શબ્દવ્યવહાર 'મા' સર્વેશ્વરીએ એવો સુંદર કર્યો કે માતાજી એમને કહ્યાં કરતાં, 'બહેન, તેં મારી ખૂબ સેવા કરી, તું મને છોડીને જઈશ નહિ. મારી સાથે જ રહેજે.' છેલ્લે તેમણે એમ પણ કહ્યું કે, 'મને જીવનનો હરખ નથી, મરણનો શોક નથી, જે થવાનું હશે તે થશે. હું મહાત્માજી પાસે છું એટલે મને નિરાંત છે. જવાનું થશે



તોપણ મને વાંધો નથી.'

તા.૪-૧૦'-૮૦ના શનિવારે સવારે છ વાગ્યે માતાજીના શ્વાસની સ્થિતિ બહુ ભયજનક હતી. શ્રી 'મા' સર્વેશ્વરી તેમને કૉલનવૉટરનાં પોતાં મૂકી રહ્યા હતાં, શ્રી યોગેશ્વરજી પાસે ખુરશીમાં બેસી, માતાજીના મસ્તકે હાથ ફેરવતાં-ફેરવતાં ખૂબ સ્વસ્થતાથી મંગલગાન કરી રહ્યા હતા ત્યાં પરમ શક્તિનો આદેશ તેમને સંભળાયો : 'માતાજી છેલ્લા શ્વાસ લઈ રહ્યાં છે. હવે નહિ બચે. એ મારું જ રૂપ છે ને મારામાં જ સમાઈ ગયાં.' છેવટે આવતી કાલે વિદાય થશે. ખૂબ જ ઉજ્જવળ જીવન જીવી ગયાં છે. ધન્ય છે. આ સ્પષ્ટ સૂચના પછી યોગેશ્વરની આંખમાંથી સતત આંસુની ધારા ચાલવા લાગી. શ્રી યોગેશ્વર કહેવા લાગ્યા : 'હિમાલયના કષ્ટપ્રદ કાળમાં પણ તેઓ મારી સાથે રહ્યાં. તેમણે ખૂબ સહયોગ આપ્યો. આપણે બધા જ પ્રયત્નો કર્યા છે. હવે જગદંબાની ઇચ્છા.'

પછી યોગેશ્વરે માતાજીના મુખમાં ગંગાજળનાં બે-ત્રણ ટીપાં મૂક્યાં ને આખા મુખમંડળ તેમ જ શરીર ઉપર જળ લગાડ્યા પછી કહ્યું : 'એમને ગંગાજળથી શું ? ગંગા જેવું પવિત્ર જીવન જીવ્યાં. ગંગાકિનારે વરસો સુધી રહ્યાં. ગંગામાં વરસો સુધી નાહ્યાં.' પછી માતાજીના છેલ્લા શ્વાસ ચાલે છે, ડૉક્ટર મસાજ કરે છે પણ માતાજી એક અડધી સેકન્ડ આંખ ખોલીને બંધ કરી દે છે. મુખ પર શાંતિ પ્રસરી રહે છે. આમ પવિત્ર અગિયારસને દિવસે માતાજીએ પોતાની પાર્થિવ લીલા સંકેલી લીધી.

બીજે દિવસે નીકળેલી સ્મશાનયાત્રામાં માતાજીના દેહને શબવાહિનીમાં નહિ પણ ગાડીમાં લઈ જવાનો યોગેશ્વરજીએ

આગ્રહ રાખ્યો. તેમના પાર્થિવ દેહને ખાદીના ધોતિયા પર મૂકવામાં આવ્યો. ધૂપ-દીપ થયાં, ધૂન ચાલુ થઈ. બપોરે શિવમહિમ્ન, ગીતાપાઠ ને સાંજે સમૂહમાં વિષ્ણુસહસ્રપાઠ થયા પછી 'શ્રીરામ જય રામ જય જય રામ'ની ધૂન થઈ. આખે રસ્તે 'મા' સર્વેશ્વરીએ 'જય જય જ્યોતિર્મયી માતા' 'જય જય તપસ્વિની માતા વંદું તુજને વારંવાર'ની ધૂન ગવડાવી. માતાજીનો આખો દેહ ફૂલોના હાર નીચે ઢંકાઈ ગયો હતો. 'સુગંધિત પુષ્પ જેવું જીવનાર માતાજી પુષ્પશય્યામાં પોઢી ગયાં !'

સ્મશાનયાત્રા પૂર્ણ થતાં માતાજીના દેહને સુખડના કાષ્ઠની ચિતા પર ગોઠવવામાં આવ્યો. પવિત્ર વાયુમંડળવાળા સ્મશાનમાં તેમને અગ્નિદાહ આપવામાં આવ્યો. સાંજે શ્રદ્ધાંજલિરૂપે યોગેશ્વરજીએ માતાજીની અદ્‌ભુત પ્રેરક વાતો કરી. એમણે લખ્યું :

**'જ્વાળા શકી નવ જરી તમને જલાવી**
**ડૂબી ગયાં પરમ જ્યોતિ મહીં પ્રસન્ના'**

આયુષ્યનાં ૭૮ વર્ષ પૂર્ણ કરનાર માતાજી માટે ઓછામાં ઓછાં ૭૮ કાવ્યો લખવાનો સંકલ્પ કરનાર યોગેશ્વરે ૮૧ કાવ્યો લખી 'તર્પણ' કર્યું. એમની શ્રેષ્ઠ અંજલિની પંક્તિઓ છે :

**'માતા છતાં સુહૃદ શ્રેષ્ઠ બન્યાં તમે તો**
**શિષ્યા સહાયક સખા પરિચારિકા વા'**

સાચે જ માતા-પુત્રની આવી અધ્યાત્મબેલડી જગતમાં અનુપમ કહી શકાય એવી હતી - છે.

શ્રી યોગેશ્વરની પ્રતીતિ હતી કે, 'માતા પ્રત્યક્ષ દેવ છે. એને જ તમે શાંતિ આપો. એ જ તમારા જીવનનું કલ્યાણ કરશે.'

**—સંકલન**



# ॥ માતૃ અનુષ્ઠાન ॥

પૂ.શ્રી ગુરુદેવ પ્રભુ યોગેશ્વરજી જ્ઞાનદીપ છે. આ દીપનો પ્રકાશ માત્ર એક દિશા તરફ નથી રહેતો પણ ચોતરફ પ્રસરે છે. તેમાંની એક દિશા જે પ્રકાશ પામે છે તે છે —

પૂ.શ્રી પ્રભુનું - ''માતૃદેવો ભવ.'' માતાનો મહિમા ગવાયો છે, વર્ણવાયો છે પણ પૂ.શ્રીના જીવનમાં તે જીવાયો છે. જ્યોતિરૂપ બની પ્રકાશિત રહ્યો છે.

તપસ્વી અને વૈરાગી હોવા છતાં પોતાને જન્મ દેનારી માતાને ત્યજ્યા નથી કે મમતા પણ નથી માની પણ માતાને પૂર્ણ માન-સન્માન તથા આદરપૂર્વક પોતાની સાથે રાખી તેમને બાધક નહિ પણ સાધનાનાં સાક્ષી બનવાનું સૌભાગ્ય ધર્યું છે. પૂર્ણ વૈરાગી છતાં માતા સાથેના સંવેદનાપૂર્ણ વ્યવહારથી પૂ.શ્રી પ્રભુએ માતૃભક્તિની અનેરી કેડી કંડારી છે.

પૂ.શ્રી પ્રભુ કહેતા કે;

''માતાજીને હું જગદંબાનું સ્વરૂપ જ સમજુ છું. જેને સમજવામાં ભલભલા વિદ્વાનો પણ મુશ્કેલી અનુભવે છે. તે મારી સાધનાને સારી પેઠે સરળતાથી સમજી શક્યાં છે.''

''માતૃદેવો ભવ''ની ઉક્તિને જીવનમાં પણ ખરેખર જ સાર્થક કરી જીવનદર્શન કરાવનાર ગુરુદેવ પ્રભુ ''માતૃભક્ત સંત'' તરીકે આ મહાસાગર સમા મહાયાત્રાના મહાયોગી કહેવાયા. સાધનાના પરમપદ પર આરૂઢ રહેવા છતાં માતાજીનો પરિત્યાગ નથી કર્યો કે ભાગીને ગૃહત્યાગ પણ નથી કર્યો, પણ વિવેકપૂર્ણ આશીર્વાદ મેળવી સાધનામય જીવનના પ્રથમ

ચરણની શરૂઆત કરી. સંબંધોની અવગણના નહિ પણ આદરપૂર્વક તેનું પાલન. બાળવયમાં અનાથાલયના આશ્રમમાંથી અને તપસ્વીરૂપે હિમાલયથી પણ નિયમિતરૂપે પૂ.માતાજીને પત્રો લખ્યા છે. તેમાં પ્રભુમય જીવન જીવવાની રીત ને સમજ બંને ધરી છે. જાણે માતા ''દેવહૂતિ'' અને ''કપિલમુનિ''ના શાસ્ત્રજીવનદર્શન પામતાં હોઈએ એવી અનુભૂતિ થાય.

માતાજીની આર્થિક, સામાજિક, વ્યાવહારિક, સાંસારિક-દરેક પરિસ્થિતિ અને સમસ્યાઓથી પૂ.શ્રી પ્રભુ અવગત રહી સદાય એમને સહાયક રહ્યા છે. પ્રશ્નોથી વિમુખ નથી થયા પણ એ પ્રશ્નોને પ્રભુમય જીવનમાં ઢાળી દીધા છે. ઉપદેશાત્મક નહિ પણ પ્રેરણાત્મક સુવર્ણ વાક્યોથી જ્ઞાનદીપની જ્યોત પ્રજ્વલિત રહી છે. જેમ કે, માતાજીને પત્રોમાં લખતા કે,

—''અમારી ચિંતા ફિકર કરશો નહિ''

—''ભજન કરે તે ભવસાગર તરે.''

—''મનુષ્યજીવન એક લૂંટ જેવું છે તેમાં જેટલું લૂંટાય એટલું ભગવાનનું નામ લૂંટવાનું છે.''

—''ભગવાનનું સ્મરણ એ જ સાચી કમાણી છે.''

—''સુખ તો સંતોષમાં ને ઈશ્વરસ્મરણમાં જ છે.''

—''હંમેશાં આનંદમાં જ રહેવું.''

—''ઈશ્વરસ્મરણ એ ઊંચામાં ઊંચી ઔષધી છે.''

—''ભગવાનને પ્રેમ કરવાથી ભગવાન આપણો દેવાદાર થઈ જાય છે.''

માતાજીને પણ સાંસારિક ફરજોથી વિમુખતા નહિ પણ એ



ફરજો ને ઈશ્વરસ્મરણ સાથે નિભાવવાની વાત કરી છે, અને સાથે સાથે હૈયાધારણ રૂપે સદ્‌વાક્યો પણ ધરતા કે, —

''ગીતા વાંચન કરવું. તુલસીકૃત રામાયણ વાંચવું. નિયમિત રીતે પ્રભુની પ્રતિમા સામે બેસીને આંખ મીંચીને માળા કરવી.''

પછીથી જ્યારે માતાજી પૂ.શ્રી પ્રભુની સાથે જ રહેવાનું સદ્‌ભાગ્ય પામ્યા ત્યારે ઋષિકેશમાં ભરત મંદિરમાં ''ગીતા'' અને ''ઉપનિષદ'' ના શ્લોકો શુદ્ધ રીતે બોલતાં ને સમજતાં પણ શીખવેલા. માતાજીને જપ અને ધ્યાનની વિધિ પણ બતાવેલી કે જેથી કેવળ સાથે રહીને પૂ.શ્રીની સાધનાના મૂક પ્રેક્ષક તરીકે બેસી ના રહે પરંતુ આધ્યાત્મિક માર્ગે આગવ વધીને આ જીવનધારણને ધન્ય બનાવે એવા પ્રયત્ન પૂ.શ્રી પ્રભુએ કરેલા અને એમાં ક્રમ ક્રમે સફળ પણ થયેલા જેની નોંધ ''પ્રકાશના પંથે''માં પણ પ્રભુએ લીધી છે.

માતાજીના જીવનનિર્વાહ તથા યોગક્ષેમવહનનું ધ્યાન પણ એક આદર્શ પુત્રની જેમ નિયમિતપણે પૂ.શ્રી પ્રભુએ રાખ્યું જ છે. ઋષિકેશની ધર્મશાળામાંથી રાજીનામું આપવાનો નિર્ણય માતાજી માટે મૂંઝવણભર્યો અને અત્યંત કસોટીરૂપ રહ્યો તેની પણ નોંધ ''પ્રકાશના પંથે''માં લીધી છે—એ જ દર્શાવે છે કે પૂ.શ્રી પ્રભુ માતાજીની કેવી કાળજી રાખતા.

૫૦ વર્ષના સંબંધમાં લગભગ ૩૨ વર્ષ તો માતાજી પૂ.શ્રી પ્રભુની સતત સાથે જ રહ્યાં છે, જેમાં ભારતના અનેક તીર્થસ્થાનોની યાત્રા તથા દેશ-વિદેશમાં કૅનેડા, અમેરિકા, ઈંગ્લેન્ડ જેવા સ્થળોની યાત્રા પણ કરી છે. જેમાં પૂ.શ્રી પ્રભુએ માતાજીના સ્વાસ્થ્ય તથા જરૂરતનું પૂર્ણપણે ધ્યાન રાખ્યું છે અને

દરેક પ્રવચનસ્થળોએ પણ પ્રભુએ માતાજીને સાથે જ રાખ્યાં છે.

ઈંગ્લેન્ડમાં બનેલી એક ઘટના કે જેમાં રોમ, પેરિસ, ઈટલી કે જીનીવાના પ્રવાસ માટે માતાજીને ભારત પાછા મોકલી આપવાં કે ઈંગ્લેન્ડમાં જ એકલા રાખવાના પ્રસ્તાવને પૂ.શ્રી પ્રભુએ નામંજૂર રાખ્યો. પૂ.શ્રી કહે છે કે,

''પાદરી સમાજ પાસે પહોંચવા માટે માતાજીને મૂકી દેવાનું મન યોગ્ય ના લાગ્યું. ઈશ્વરે એમને મારી સાથે જ મોકલેલા અને એમને મારે મારી સાથે જ લઈ જવાના હતા. ભારતમાં કેટલાય સંતો, મહાત્માઓ એક અથવા બીજા પ્રયોજનથી પ્રેરાઈને પરદેશ પ્રવાસ કરેલો. એમનામાંના કેટલાક એકલા તો કેટલાકે શિષ્યો સાથે પ્રવાસ કરેલો. પરંતુ પોતાની માતા સાથે પરદેશ પ્રવાસ કરનારા સંત, મહાત્મા કે યોગી તરીકે ભારતના આધ્યાત્મિક ઈતિહાસમાં મારું નામ જ કદાચ સૌથી પહેલાં સુવર્ણ અક્ષરે અંકિત થશે અને ચિરસ્મરણીય બનશે એ વસ્તુની અસાધારણતા કાંઈ ઓછી નથી.''

આમ, પૂ.શ્રી પ્રભુને માતાજી સાથેના યાત્રાપ્રવાસનું ગૌરવ પણ હતું. પૂ.શ્રી પ્રભુ માનતા કે ઋણાનુબંધે જ માતાજી એમની સાથે રહે છે.

''પ્રકાશના પંથે''માં માતાજીની સુખદ સ્મૃતિરૂપે એક અંતિમ પ્રસંગનું વર્ણન પણ પૂ.શ્રી પ્રભુએ કર્યું છે –

અધિક અસ્વસ્થ હોવા છતાં મણિનગરમાં શ્રી તારાબેનના ઘરે પ્રભુના આગમનને પુષ્પોથી વધાવ્યું દરવાજામાં મહાત્માજીના (પૂ.શ્રી પ્રભુના) પ્રવેશતાં વેંત જ માતાજીએ હાથમાં પુષ્પો લઈ પ્રભુનું સ્વાગત કર્યું અને સાહજિક અવસ્થામાં



જ છેલ્લું પ્રસ્થાન માતાજીએ ભાવનગર તરફ પૂ.શ્રી 'મા' અને પ્રભુ સાથે કર્યું.

આ ''પુત્રરત્ન'' ને માતાજીએ પણ પુત્રભાવે નહિ પણ સંત તરીકે જ નિહાળ્યા. પૂ.શ્રીની વાણીમાં સંત તરીકેની શ્રદ્ધા રાખી. ગ્રામ્યજગતના અવિકસિત જનમાનસની વચ્ચે પણ પ્રભુપંથે પ્રયાણ કરતા પુત્રરત્નને પ્રસન્નતાથી ફૂલમાળા પહેરાવી આશિષ ધરી વિદાય આપે છે. આવા મહાન પુત્રરત્નને જન્મ ધરી સમાજના ચરણે અર્પણ કરી સમસ્ત સમાજને પણ માતૃઅંકનો ઋણી બનાવી દીધો.

માતાજી પણ કહેતા કે –

''એ તો (યોગેશ્વરજી) મહાપુરુષ છે. ભગવાન છે. પરમપવિત્ર છે. આપણે તો કોઈક પુણ્યોદયના પરિણામે એમને જન્મ આપવા માટે નિમિત્ત બન્યાં ને માતા થયાં એટલું જ આપણું જીવન એમના લીધે જ ધન્ય બન્યું છે.''

આમ, પુત્ર હોવા છતાં આરાધ્ય સંત, પવિત્રતા ને પૂર્ણતાનાં દર્શન લેશમાત્ર શંકા વગર માતાજી મહાત્માજીમાં કરતાં. પૂ.શ્રી પ્રભુના માતાજી સાથેના જીવન વ્યવહારનાં દર્શન કરતાં બંનેમાં જાણે એક ઉચ્ચ આધ્યાત્મિક બેલડીનાં દર્શન થાય છે.

''મા જગદંબા''એ માતાજીના જીવનસમાપ્તિની જાણ અગાઉથી કરી હોવા છતાં પૂ.શ્રી પ્રભુ એમના સારા સ્વાસ્થ્યની પ્રાર્થના હંમેશાં કરતા. માતાજીની માંદગીમાં એક સંતપુત્રએ કરેલી સેવા અનન્ય, અનુકરણીય તથા આદર્શ દૃષ્ટાંતરૂપ છે.

હૉસ્પિટલમાં ડૉક્ટર્સની આખી ટીમ ઊભી કરી દીધેલી કે જેથી માતાજીની ઉત્મતમાં ઉત્તમ સારવાર થાય. પૂ.શ્રી પ્રભુનું

ધ્યેય કે માતાજીને ઇન્જેક્શનની પીડા શાંત થાય. આખી રાત ઉજાગરા કરી સેવા શુશ્રૂષા કરી. આ માટે આહાર, નિંદ્રા, ધ્યાન, સ્વાધ્યાયને ગૌણ ગણી માતાજીનો પડ્યો બોલ ઝીલવા તૈયાર રહેતા. સ્નેહપૂર્વક ઝીણવટભરી કાળજી રાખતા અને સાથે સાથે માંદગી બાબતે માતાજીને આશ્વાસન પણ આપતા. પૂ.'મા' સર્વેશ્વરીએ પણ એક દીકરી પણ ના કરે એવી અદ્‌ભુત સેવા પૂ.શ્રી પ્રભુની સાથે રહીને કરી.

પૂ.શ્રી પ્રભુની ઇચ્છા હતી કે માતાજીનું શરીર જ્યારે પણ શાંત થાય ત્યારે પૂ.શ્રીની સંનિધિમાં જ શાંત થાય ને બીજી ઇચ્છા એ હતી કે એમનો આત્મા અલૌકિક બનીને રાગદ્વેષરહિત થઈને પરમતત્ત્વ પરમાત્મામાં ભળી જાય.

પૂ.શ્રી પ્રભુ માતાજીની સેવાનો સુયોગ સાંપડ્યો તેને પણ ઈશ્વરની કૃપા માને છે. હૉસ્પિટલમાં જ્યારે માતાજીનું શરીર શાંત થયું ત્યારે માતાજીના શરીરને ઘરે લાવવા માટે મોટરમાં સૂવડાવી એમના ચરણને પોતાના ખોળામાં રાખ્યા. માતાજી માટે કેવી ભવ્ય માતૃવંદના !! આનાથી મોટી સેવા કઈ ? એક પરમાત્માદર્શી સંત જ પોતાની માતાને જીવનમુક્ત બનાવી પરમ જ્યોતમાં ભેળવી શકે. પ્રભુએ એમના કલ્યાણની ખેવના કરી. માતૃઋણ અદા કર્યું. જીવતત્ત્વનું શિવતત્ત્વમાં મિલન એક ઈશ્વરદર્શી સંત જ કરી શકે.

પ્રભુના જીવનસાધનાના સતત સાક્ષી બનેલાં માતાજીની જીવનયાત્રાના કલ્યાણનો માર્ગ "મા જગદંબા"ની પરમકૃપાથી ખુલ્લો કરી આ જ્યોતને પરમજ્યોતમાં મેળવી દીધાં.

સ્થૂળ દેહે સાથે રહેવા સુધી નહિ પણ તે પછીની



સૂક્ષ્મયાત્રાની સંપૂર્ણ પરિસમાપ્તિ સુધી પૂ.શ્રી પ્રભુએ એમને પૂર્ણ રીતે પરમતત્ત્વમાં વિલીન કર્યાં, એટલું જ નહિ. અસ્થિવિસર્જન પણ સ્વહસ્તે જ કર્યું. માતૃઋણ માટે "તર્પણ" નામે કાવ્યસંગ્રહ પણ માતાજીની સ્મૃતિરૂપે રચ્યો. સંત એટલે સંવેદનાબધિર નહિ પણ સંવેદનાસભર અને જીવનઝંકૃતિનો ધબકાર છે એનું ઉત્કૃષ્ટ દૃષ્ટાંત ધર્યું.

વર્ષો પહેલાં ૧૪ જુલાઈ ૧૯૪૭માં દેવપ્રયાગથી લખેલા પત્રમાં પૂ.શ્રી પ્રભુએ લખ્યું હતું કે –

"ભવિષ્યમાં તમને પણ દુનિયા માન આપશે, યાદ કરશે ને પૂજશે." આ વાક્યના અક્ષરે અક્ષર પૂ.શ્રી પ્રભુએ ચરિતાર્થ કર્યા.

અંતે માતાજીની પુણ્યસ્મૃતિરૂપે ગુરુદેવ પ્રભુએ અંબાજીમાં "માતાજીની જ્યોતિર્મયી સ્મારક"–(સ્વર્ગારોહણ)ની સ્થાપના કરી – જે સ્મારક કેવળ, ઈંટચૂનાનું બાંધકામ ના રહેતાં 'મા' જ્યોતિર્મયીનો અંક બની ગયો કે જ્યાં આજે સર્વ કોઈ માતાજીના અંકે અને "'મા' સર્વેશ્વરી"ના સંગે સત્સંગનું સ્વર્ગીય સુખ પામે છે.

આમ, 'મા' જ્યોતિર્મયીને ઝળહળીત કર્યા અને બીજા અર્થમાં કહીએ તો માતાજી "જડાવ"નું જતન કરી "મા જ્યોતિર્મયી" કર્યાં.

**"ૐ 'મા' જ્યોતિર્મયી નમઃ"**

"માતૃદેવો ભવઃ" કે "માતૃવંદના"ની ઉક્તિથી સીમિત ના રહેતાં પૂ.શ્રી પ્રભુએ સમગ્ર જીવન "માતૃ અનુષ્ઠાન" કર્યું.

એવા વિરલ, વિશિષ્ટ, વંદનીય, માતૃભક્ત ગુરુદેવ પ્રભુના શ્રી ચરણે શત શત વંદન..

અને 'મા' જગદંબારૂપ 'મા' જ્યોતિર્મયી ને અનેકાનેક પ્રણામ..

**માતાને મુક્તિ ધરનાર**
**હે યોગેશ્વર કરું પ્રણામ...**
**માતૃભક્ત છો સાચા આપ**
**હે યોગેશ્વર કરું પ્રણામ...**

**–શ્રી યોગેશ પંડ્યા**

'શસ્ત્ર દેહને છેદી શકે છે, આત્માને નહિ આત્માની અમરતા માટેનાં આ અને આવાં સૂત્રો આ દેશમાં હજારો વરસોથી ઘૂંટાતાં આવ્યાં છે. પણ આ સૂત્રો ઉચ્ચારનારા ભારે દેહરખા હોય છે. આપણા યુગના સદ્‌ભાગ્યે એક પુરુષ એવો પાક્યો, જેણે પોતાનાં મૂઠી હાડકામાં આત્માની અમરતાને પ્રતિષ્ઠિત કરી અને દેહને આંચ આવશે એ ડરે આત્માની કોઈ વસ્તુને તલભાર પણ જતી કરી નહિ. જરૂર પડ્યે દેહને ફેંકી દેવાને ક્ષણનો પણ વિલંબ કદી અનુભવ્યો નહિ. મહાત્માજીને લગતી ઘણી વસ્તુઓ મહાન છે, પણ એમનું મૃત્યુ કદાચ સૌથી મહાન છે.'

**–શ્રી ઉમાશંકર જોશી**



# ॥ શત યોગ વંદનમ્ સમારોહ ॥

## (પૂજ્યશ્રી'મા' સર્વેશ્વરીની સંનિધિમાં પ્રભુનો પ્રાગટ્યોત્સવ)

શ્રી યોગેશ્વર પ્રભુનું શતાબ્દીવર્ષપર્વ એટલે શું ? કોઈ મોટા કાર્યક્રમો ઘડવા કે ભેગા થઈ ઉત્સવની ઉજવણી કરવી ? કે પછી આપણા જેવા સામાન્ય મનુષ્યનો જન્મદિવસ મનાવીએ તેમ પ્રભુનો આ પ્રાગટ્યોત્સવ ઉજવવો ? ના, આપણા પ્રભુ તો જીવનને જ ઉત્સવ માનતા. કોઈ પ્રદર્શન કે શોભાયાત્રા નહિ, પરંતુ જેને અંતરના ઝરૂખામાં ઊભા રહીને જ જોઈ શકાય, માણી શકાય, જેને જાતે જ ઉજવવો પડે, જેમાં જાતે જ જોડાવું પડે. અહમથી પરમ તરફની એ ગતિમાં પોતે જ પગલાં પાડવાં પડે. સ્વને પામીને સ્વયંને સમર્પી દેવાની આ પ્રવૃત્તિ એ જ પ્રભુનો જીવનધર્મ હતો. આ ધર્મ અપનાવીને જીવનભર તે આદર્શોનું આચરણ એટલે જ આપણા માટે તો આ શતાબ્દી પર્વની ઉજવણી ! પરમ પૂજ્ય 'મા'ના જીવનના એ જ આદર્શોનો પ્રકાશ આપણે સૌએ ગ્રહણ કરી એ દિવ્ય કિરણોને ચારેય દિશામાં પ્રસારિત કરવાના છે. આ જ હેતુથી આ વખતે સ્વર્ગારોહણમાં શતાબ્દી પર્વની વૈશ્વિક સ્તરે ઉજવણી થઈ જેમાં સૌ જોડાયા પણ ઈન્ટરનેટ સેવા દ્વારા, પણ હું કેટલી નસીબદાર કે મને તો તે પર્વમાં સહભાગી થવાનો પ્રત્યક્ષ ઉપસ્થિત રહી નિહાળવાનો અવસર મળ્યો. ઈશ્વરે સર્જેલી કોરોનાની આ મહામારીમાં પણ અમને ત્યાં રહીને આ પર્વને મનાવવાનો મોકો મળ્યો એટલે સૌ પ્રથમ પૂ.શ્રી ગુરુદેવ પ્રભુ અને પૂ.શ્રી 'મા'ના દિવ્યચરણોમાં આભાર સાથે શત શત પ્રણામ.

આ વખતે નિયમાનુસાર સ્વર્ગારોહણમાં ૨૦ની સંખ્યા જાળવી રાખવાની હતી એ ૨૦ ભક્તોમાં અમારો સમાવેશ થયો. એટલે લાગતું હતું કે પ્રભુએ જ જાણે અમને પસંદ કર્યા ! બાકી આટલા વિશાળ સત્સંગી પરિવારમાંથી અમે જ ત્યાં હાજર રહી શક્યા એ અનન્ય કૃપા જ કહેવાય ને !

સવારે ૬:૪૫ વાગે સૌએ ધ્વજવંદન માટે ભેગા થઈ જવાનું હતું. આ વખતે સ્વર્ગારોહણના સેવક સ્વજનો દ્વારા ધ્વજવંદનનું કાર્ય સંપન્ન કરવાનું પૂ.શ્રી 'મા'એ સૂચવ્યું. પૂ.શ્રી 'મા' અવનવા આયોજનોની અનેકવાર આપણને સૌને આશ્ચર્યચકિત કરી દે છે. એ દૃશ્ય ખૂબ સુંદર હતું. જેમ દેશના સૈનિકો એકસરખા સ્વચ્છ પહેરવેશમાં ઊભા હોય તેમ આ આપણા પાંચ સેવકોને ખૂબ સુંદર શ્વેત વસ્ત્રમાં પૂ.શ્રી 'મા'એ ત્રિરંગા ખેસ સાથે સજાવ્યા. સૌને આનંદ હતો. સેવક-સ્વજનો દ્વારા ધ્વજવંદન કરાવી પૂજ્ય 'મા'એ આપણને સૌને પ્રેરણા ધરી. વિશેષતાઓને વધાવીને સતત તેની નોંધ લેવાની શીખ પૂ.શ્રી 'મા' હંમેશાં ધરતાં રહે છે આજે તેનું દર્શન પણ સૌ પામ્યાં. સેવકો કેટલા વર્ષોથી અવિરત સેવા સ્વર્ગારોહણમાં આપી રહ્યા છે. સ્વર્ગારોહણને સ્વચ્છ અને સુંદર રાખવાની નોંધપાત્ર ફરજ કેટલી સરસ રીતે નિભાવી રહ્યા છે. હવે આપણને જાણે એ સૌ આપણા જ લાગે છે એટલે ધ્વજવંદન એમના હસ્તે થાય એ કેટલો ઉત્તમ વિચાર આપણા પૂ.'મા'નો ! સેવકોને ખૂબ વિનમ્રતાથી વધાવી પ્રસાદ આપતાં પૂજ્ય 'મા'નું જ સતત દર્શન કર્યા કરીએ એવો ભાવ થતો હતો, તો બીજી તરફ આ સન્માન સેવકોના મનને પણ ભાવવાહી બનાવી



ભીંજવી ગયું. સેવકોની એ અવિરત સેવાને સૌનાં વંદન. ધ્વજવંદનના આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન પ્રભુના હૃદયમાં જે દેશપ્રેમ હતો એને અમે સૌએ પણ માણ્યો. ધ્વજવંદન પૂર્ણ થતાં પ્રભુના જન્મદિન નિમિત્તે અમે સૌએ પ્રભુની સ્તુતિ કરતાં કરતાં સંકીર્તન સાથે પ્રભુના સ્વરૂપને સરોડાધામથી હૉલના પારણામાં પધરાવ્યા અને બાલ પ્રભુને પારણે ઝુલાવ્યા. સૌએ આનંદથી પોતાની મસ્તીમાં ગરબા સાથે પ્રભુના શતાબ્દીપર્વના પ્રાગટ્યોત્સવને માણ્યો. ભલે સ્વર્ગારોહણમાં ભક્તોની સંખ્યા ઓછી હતી, પરંતુ અમે જાણે બધા જ ભક્તો વતી સ્વર્ગારોહણમાં આ પર્વ ઉજવી રહ્યા હોઈએ એવું લાગતું હતું. પૂજ્ય 'મા'ના પ્રત્યક્ષ સ્વરૂપનું દર્શન એ પણ પ્રભુના ૧૦૦માં જન્મદિવસે ! એનાથી વિશેષ બીજી કૃપા કોઈ હોઈ શકે !

સાંજે ૬ વાગ્યાના વૈશ્વિક કાર્યક્રમમાં સૌ દેશ-વિદેશના ભક્તો 'મા'નાં દર્શન પોતાની મોબાઈલ કે ટી.વી. સ્ક્રીન પર પામવાના જ હતાં પરંતુ હું ત્યાં પ્રત્યક્ષ બિરાજેલા પૂજ્ય 'મા'ના દર્શનને, એમના હાસ્યને, એમના મુખારવિંદના પ્રસન્નચિત્ત ભાવને એમના એ દિવ્ય સ્વરૂપને હજી પણ મારી આંખો સામે નિહાળી શકું છું. મારી જેમ સૌએ પણ તે ખૂબ પ્રેમભાવથી માણ્યું છે. પૂ.શ્રી 'મા'ના પ્રસન્નચિત્ત દર્શન માટે ચરણોમાં પ્રણામ.

આ કાર્યક્રમને ૧૫ અને ૧૬ એમ બંને ચરણમાં વિભાજિત કરવામાં આવ્યો હતો. પ્રભુના પ્રાગટ્યપર્વની શુભ શરૂઆત તો પૂજ્યશ્રીની સ્તુતિથી જ હોય ને ! અને એમાં પણ વળી વિશેષતા. ભારત અને વિદેશના બાળકોએ ભેગા મળી પ્રભુની

આ સ્તુતિ ખૂબ ભાવથી કરી અને આપણા પ્રભુ તો સાચા દેશભક્ત અને ગાંધીજીને પણ ખૂબ આદરભાવથી જોતા એટલે રાગ પણ એવો સુંદર પસંદ કર્યો વૈષ્ણવજન તો તેને રે કહીએ. આપણે સૌ વિવિધ સંસ્કૃતિની વચ્ચે ભલે વિચરીએ, આપણી પૂજાના પરમાત્મા તો શ્રી ગુરુદેવ પ્રભુ જ છે. સ્તુતિગાનને સાત સ્વરોથી સજાવાયું. ભારતની ભૂમિ પર સુકૃતિ, નિષ્ઠા, દિશા તો અમેરિકાની ધરતી પરની જયશ્રીબેન, રાધિકાબેન, નિશાબેન તેમજ કાવ્યા-પૂજ્યાએ આ સ્તુતિગાનને સૂર ધર્યાં અને સંગીતનિર્દેશન રુચિતભાઈ પંડ્યાએ આપ્યું. શ્રી રાજુભાઈ જાનીએ પણ પ્રભુના શતાબ્દી વર્ષે પ્રભુના બધા જ ગુણોને આવરી લઈને બધી જ વિશેષતાઓને વંદન કર્યાં, આ પછી તેમનો માતૃપ્રેમ હોય કે તેમની હિમાલયની આકરી તપશ્ચર્યા, તેમના દ્વારા થયેલા યુગકાર્યો હોય કે સ્થપાયેલા સમાજસેવાના સંસ્થાનો હોય. ખૂબ સુંદર રીતે પ્રાસંગિક વાતને પ્રસ્તુત કરી.

**કેંકને મૂર્તિમાંહી પથ્થર મળ્યા હતા,**
**કૈંકને રસ્તે જતાં હરિભક્ત મળ્યા હતા**
**માના મુખે લીલામૃત સુણીને,**
**અમને તો ખુદ પ્રભુ મળ્યા હતા**

આ પંક્તિઓ માત્ર લખવા ખાતર નથી લખી, પરંતુ ‘મા’ના મુખે લીલામૃતનું પારાયણ સુણીને ખરેખર પ્રભુની જીવનગાથા આપણી સમક્ષ રજૂ થતી હોય તેવું જ પ્રતીત થતું હતું. લીલામૃત સ્વર્ગારોહણ કે આપણા ઘરમંદિરે ગવાતું હશે પરંતુ તેને દર્શનરૂપ ધરી પૂ.શ્રી‘મા’એ તે પ્રસાદને મનભાવન બનાવ્યો. પૂ.શ્રી‘મા’ના ઐશ્વર્ય-ખજાનાનો એક અંશ લીલામૃત દર્શને



પામ્યાનો અહેસાસ સૌએ મનઅંતરે અનુભવ્યો. સ્નેહશાંતિધામમાં પૂજ્ય ‘મા’ દ્વારા લખાયેલી એ પ્રકાશમય પદ્ય પંક્તિઓ આજે હૃદયમાં ખરેખર ઊંડે સુધી પ્રસરી ગઈ. આ લીલામૃતની રચનામાં પૂજ્ય ‘મા’એ એક પણ વખત પ્રકાશના પંથે ગ્રંથને ઉઘાડ્યો નથી એટલે આ તો પ્રભુનો કૃપાપ્રસાદ જ કહેવાય. જાણે સ્વયં ‘મા’ જગદંબા જ આપણા પ્રભુની જીવનયાત્રા કરાવી રહ્યા હોય તેવું લાગ્યું.

આ બંને ચરણમાં ભાગ લેનાર દરેક વ્યક્તિએ પોતાની રીતે શ્રેષ્ઠ આપવાની કોશિશ કરી એ પછી કાર્યક્રમનું સંચાલન કરનાર રુચિત અને કૃપા હોય કે પછી ‘મા’—પ્રભુના જીવન વિષે પ્રકાશ પાડનાર વક્તાઓ હોય. કોઈકે ગાઈને તો કોઈકે બોલીને તો કોઈકે વળી વિડિયો બનાવીને. સ્વાર્ગારોહણ શક્તિપીઠ મંચ સૌમાં રહેલી નૈસર્ગિક શક્તિઓને સતત આહ્‌વાઈત કરી રહ્યો છે. નાના મોટા સૌ પૂ.શ્રી ‘મા’નાં બાળકો પોતાની કૃતિઓ થકી શ્રી હરિના વિશ્વમંચને શણગારી સુગંધિત કરતા રહે છે. એટલે કાર્યક્રમ પણ બે દિવસમાં વિભાજીત કરવો પડ્યો.

શ્રી ગુરુદેવના પદ્યસાહિત્યના સર્જનના વૈવિધ્યને ઉજાગર કરવા શ્રી સુકૃતિ-રુચિતની મંડળીએ પ્રભુના અલગ-અલગ સાહિત્યને પસંદ કરી ગઝલ, ભજન, પ્રાર્થના, દેશભક્તિગીત, બાળગીતના પુષ્પોને એક જ માળામાં ગૂંથી તેમની કલાસૂઝનું પણ દર્શન કરાવ્યું. જ્યોત્સ્નાબેને પ્રભુ સાથેના પોતાના સંસ્મરણો યાદ કર્યા અને પૂજ્ય પ્રભુના પ્રેમનો વરસાદ તેમની ઉપર અનરાધાર વરસેલો છે એને માટે પોતાને ભાગ્યશાળી પણ

માન્યાં. આપણી પ્રણામપૂજામાં જે સ્વરૂપને આપણે નમસ્કાર કરીએ તેમાં ભાવ/પ્રેમ ભળી જાય તો તે સ્વરૂપનો આકાર આપણને મળતો થાય છે તેવી સરસ સમજ તેમણે ધરી. પૂજ્ય ‘મા’ની ફૂલવાડીના નાના પુષ્પ પુષ્ટિએ પણ પ્રભુના નાનપણના પ્રસંગોને સરસ રીતે આવરી લીધા અને એ ગુણોનું દર્શન કરીને પૂજ્ય ‘મા’ આપણને પણ કેવા નીડર ને તેજસ્વી બનવા પ્રેરણા ધરે છે તેની સમજ ધરી. વળી શ્રી તરલાબેને તો પ્રભુના પ્રકાશમય ગ્રંથને “અધ્યાત્મના અનસ્ત સૂર્ય” સ્વરૂપે પોતાની કલમ દ્વારા વર્ણવી આપણા માટે પ્રભુના જીવનને વધુ ને વધુ ઓળખવાનો એક સરળ માર્ગ કંડારી આપ્યો છે. તેમણે પણ સરસ રીતે પ્રભુના સમગ્ર જીવનને વણી લઈ સુંદર આલેખન રજૂ કર્યું. કૅનેડાના મા-પ્રભુના અનન્ય ભક્ત શ્રી વિમળાબેને જણાવ્યું કે પ્રભુની જ કૃપા ને આદેશથી તેઓ કૅનેડા પહોંચ્યા અને સ્થાયી થયેલા. અહીં અમદાવાદમાં પણ શ્રી સુરેશકાકાને પ્રભુની સેવાની સુવર્ણ તક પ્રાપ્ત થયેલી તેની સુંદર પ્રેરણાદાયી વાતો સાથે પ્રભુજી સાથેનાં જૂના સંસ્મરણોને યાદ કર્યાં. વિદેશમાં વસતાં ભક્તો પૂજ્ય શ્રી પ્રભુના સાહિત્યના વારસાને જાળવી રાખવા જાણે સમર્થ છે એવું લાગે. શ્રી અર્પિતાબેન એમાંના જ એક છે. તેમણે પૂજ્યશ્રીની આત્મકથા ‘પ્રકાશના પંથે’નું અંગ્રેજીમાં સુંદર ભાષાંતર કર્યું છે. પૂજ્ય ‘મા’એ આ માટે તેમનું સન્માન પણ કર્યું હતું તેવા શ્રી અર્પિતાબેને પ્રભુના સાહિત્ય વિશે ખૂબ સરસ સમજ આપી. પ્રભુની કલમ તેમની સાધના અને આધ્યાત્મિક અનુભૂતિની સાક્ષી અને સંગિની બની રહી. શ્રી ગુરુદેવનું સાહિત્યસર્જન જનકલ્યાણ માટે જ રહ્યું.



આપણા ધાર્મિક ગ્રંથોની ગૂઢ વાતોને સરળતાથી સમજાય તેવા સાહિત્યસર્જન સાથે સમાજજીવનમાંથી અશ્રદ્ધા, અંધશ્રદ્ધા દૂર કરી સમાજસુધારણા માટે તેનું વિશેષ પ્રદાન રહ્યું. શ્રી ગુરુદેવના સાહિત્યસર્જનનું વૈવિધ્ય ‘મા’ જગદંબાની તેમના પરની પરમ કૃપાનું દર્શન કરાવી જાય છે. આપણે વસંતવાટીકાના સૌ યુવાનોએ આ માર્ગે હવે આગળ આવવાનું છે. અર્પિતાબેને આપણને સૌને પ્રેરણા મળે તેવું કાર્ય કર્યું છે. હે મા ! અમે પણ અર્પિતાબેનની જેમ જ પ્રભુના સાહિત્યનું રસપ્રદ અધ્યયન કરી શકીએ અને તે સાહિત્યજ્યોતના પ્રકાશને જગમંચે પ્રગટાવી શકીએ એવી શક્તિ, સામર્થ્ય અને સમજ આપજો. એવા જ એક યુવાન શ્રી તેજસભાઈ છે. જે શ્રી શાંતિભાઈ કનેરીયાના ઘરનું ગૌરવ છે. જેમણે કહ્યું કે ગુરુમાં એવી શક્તિ છે કે તે કોઈપણ અશક્ય કાર્યને પણ શક્ય કરી શકે છે, બસ જરૂર છે તો એ સમર્થ સંત પર શ્રદ્ધા ને વિશ્વાસની. અત્યારનો સમય સૌ માટે કપરો છે, પણ ઈશ્વર પરની આસ્થા એ મુશ્કેલ સમય સામે લડવાની શક્તિ આપે છે બસ પ્રાર્થના અને પરિશ્રમથી બધું જ શક્ય છે. આ બધી જ શીખ આપણને પ્રભુ ‘પ્રકાશના પંથે’માં પોતાના સ્વાનુભવથી કહે જ છે, પણ જો વાંચીએ તો પામીએ. સ્વર્ગારોહણનું એક નવું જ ખીલેલું પુષ્પ રુચિત જેણે પ્રભુના આ ગ્રંથનું અધ્યયન કર્યું અને એ યુવાનને પ્રભુનું જીવન ખૂબ સ્પર્શી ગયું. હૃદયમાં પ્રભુ માટે ખૂબ ભાવ થયો. બસ એ જ ભાવ એના વક્તવ્યમાં પણ દેખાયો. નવા આવતાં પાત્રોને પણ પ્રભુએ પોતાના જ જીવનદર્શન દ્વારા જાણે પોતાના કરી લીધા ! આમ સૌએ પોતાની વાણી દ્વારા પ્રભુના ગુણાનુવાદ ગાયા.

કર્પૂરવનનો એક બાળક દર્શક જે હાલ વિદેશમાં રહે છે પણ તેનામાં રહેલા સંસ્કારો અને સંસ્કૃતિ તો ભારતની જ છે એવું ચોક્કસપણે તેના દ્વારા બનાવેલા વિડિયોમાં જોવા મળ્યું. દેશ-વિદેશના પ્રેમી ભક્તો જેમને શ્રી ગુરુદેવના વિવિધ તીર્થો શિવાનંદ આશ્રમ, દેવકીબાઈની ધર્મશાળા, સરોડાધામ, શાંતાશ્રમના દર્શન માટેનો અવસર જીવનમાં નથી મળ્યો તેમના માટે આ વિડિયોદર્શન અલૌકિક પ્રસાદ બની રહ્યો. કોઈપણ અજાણી વ્યક્તિને પણ પ્રભુના જીવન વિશેનો વિડિયો સામાન્ય પરિચય તો મળી જ રહે તેવી સુંદર પ્રસ્તુતિ તેની હતી.

સ્વર્ગારોહણમાં પૂજ્ય 'મા' ઉપસ્થિત તો હતાં જ, પણ સૌને તેમનાં દર્શન કરાવવા માટે હેમલભાઈ અને એમની મંડળીએ 'મા'ની ખૂબ સુંદર વિડિયોપ્રસાદી સૌને ધરી. જેમાં પૂ.શ્રી 'મા'ની આરોગ્યયાત્રા દરમ્યાન ૭૭ વર્ષની ઉંમરે પણ 'મા' દ્વારા દર્શાવેલ પદ્માસન, શીર્ષાસન, ભુજંગાસન, સર્વાંગાસન એક નાના બાળકની જેમ ત્વરા અને સ્ફૂર્તિ સાથે વળતાં તેમનાં અંગો સૌને આનંદ-આશ્ચર્ય ધરી રહ્યા. જાણે પૂર્ણ શક્તિનું સાક્ષાત્ સ્વરૂપ તે આસનોની મુદ્રામાં દર્શન દઈ રહ્યું હતું. પૂજ્ય 'મા'નું એ આરોગ્ય સ્ફૂર્તિ, ઝડપી ચાલ, અવિસ્મરણીય સ્મિત વગેરે બધી જ ભાવાવસ્થાઓને એ વિડિયોમાં બતાવવામાં આવી હતી. એ જોઈને ખરેખર કોઈને પણ પોતે સ્વર્ગારોહણમાં જ છે એવું લાગે. આ સુંદર વિડિયો માટે સૌથી પહેલા તો પૂજ્ય 'મા'ને હૃદયપૂર્વક આભાર તેમજ હેમલભાઈ અને તેમની મંડળીનો પણ ખૂબ ખૂબ આભાર. શ્રી ઉમેશભાઈની ધૂન સૌના ભાવજગતને ઝંકૃત કરી ગઈ. કૅનેડાના ફૂલવાડીનાં બાળકોએ



શ્રી ગુરુદેવના સંદેશરૂપ શાશ્વત વાક્યોને અભિનય સાથે પ્રસ્તુત કર્યાં. રાજકોટનાં બાળકો શાશ્વત, શરણા, સત્યમે ૧૦૦૦ પ્રણામ કરી સૌને પ્રેરણા ધરી.

આ સમગ્ર કાર્યક્રમમાં પ્રભુની સૂક્ષ્મ હાજરી સતત સાથે હતી તેની પ્રતીતિ થયા કરતી હતી. એમના એ પવિત્ર પરમાણુનો સંસ્પર્શ સૌને સુગંધ ધરતો રહ્યો. પ્રભુ પણ પૂજ્ય 'મા' સાથે સ્વર્ગારોહણમાં વિચરણ કરતા જ હતા. આવા મહાન સંતપુરુષના શતાબ્દી વર્ષે આપણે જાગવાનું છે, પ્રભુને જગમંચે પ્રગટાવવાના પૂજ્ય 'મા'ના સ્વપ્નને આપણે સૌએ મળી ઉજાગર કરવાનું છે, સમગ્ર વર્ષ દરમિયાન કંઈક એવી પ્રવૃત્તિઓ કરવાની છે જેથી પ્રભુને આપણી પાસે આવવાનું મન થાય. હે મા-પ્રભુ ! એવાં આધ્યાત્મિક પગથિયાં અમે સૌ ચડી શકીએ અને આપના અંતરના દ્વાર સુધી પહોંચી શકીએ એ જ આ શતાબ્દી વર્ષે આપને પ્રાર્થના.

આ બંને દિવસના કાર્યક્રમનું વિશેષ આકર્ષણ પૂ.શ્રી 'મા'નું સતત પ્રથમ દિવસે અઢી કલાક અને બીજા દિવસે ત્રણ કલાક પ્રગટ દર્શન પ્રાપ્ત થયું. આમ શ્રી 'મા'નાં પરમ સ્વરૂપનાં દર્શન સાથે શ્રી હરિના ગુણાનુવાદ ગાતા અને સાંભળતા 'શત યોગ વંદનમ્' સૌને આનંદવિભોર કરી ગયું. આ વૈશ્વિક કાર્યક્રમમાં ભલે આપણે સૌ પાસે ન રહ્યા. પણ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન ૮૦૦ પરિવારો પૂ.શ્રી 'મા'ની આસપાસ જ રહ્યા. અરે સૌથી વિશેષ તો મહામારીના આ સંક્રાંતિકાળમાં સૌ શ્રી હરિની યોજના મુજબ જ સુરક્ષિત રહ્યા.

**–સુકૃતિ જાની**